શ્રીમદ્ભાગવત મહાપુરાણાન્તર્ગત
દશમસ્કન્ધના આધારે

# કૃષ્ણચરિત્ર

(કચ્છી ભાષામાં)

કચ્છી પદ્યાનુવાદકઃ
**શ્રીખાનજી દેવાજી જાડેજા**
ગામ : હમલા-મંજલ, કચ્છ

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશકઃ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી,
જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોનઃ (૦૨૮૩૪) ૨૩૧૪૬૩
Email : gosharad@rediffmail.com
Must Visit :
http://www.pushtimarg.net
http://vallabhacharyavidyapeeth.org/

**સમ્પાદક : ગોસ્વામી શરદ્ (માંડવી-કચ્છ)**

**નિઃશુલ્ક વિતરણાર્થે**

**નકલ : ૫૦૦**

**પ્રાપ્તિસ્થાનઃ**
શ્રીખાનજી દેવાજી જાડેજા, ગામ : હમલા-મંજલ, કચ્છ

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર,
માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.
ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩
(સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૬)

**મુદ્રક :**
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ


**કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, પિનકોડઃ ૩૭૦૪૬૫**

**(ટેલીફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩)**


| ગ્રન્થ | | | પ્રકાશનસહાય |
|---|---|---|---|

**પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે**

| | | | |
|---|---|---|---|
| ૧. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૧૦ |
| ૨. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૩. ડફિદ્યતવશસફ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (અંગ્રેજી) | ૧૦ |
| ૪. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૨૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૨૦ |
| ૬. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૧૦ |
| ૭. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૮. પ્રમેયરત્નસંગ્રહ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | ( ગુજ. ) | ૨૦ |
| ૯. ખફક્ષીફહ જ્ઞર વિંય મયદજ્ઞશિંજ્ઞક્ષફહાફવિં જ્ઞર ડીતવર્શિં. | લેખક : ઉપરમુજબ | | ૬૫ |

**તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ**

**વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ**

| | | |
|---|---|---|
| ૧૦. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા | (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૫. વલ્લભવેદાન્ત. | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | |
| લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી | | નિઃશુલ્ક |

**સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા**

**વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન**

| | | |
|---|---|---|
| ૧૬. વાર્તાપરિચર્ચા | | ૧૫ |
| ૧૭. અધિકારપરિચર્ચા | | ૧૦૦ |
| ૧૮. સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી | | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (જુજ પ્રતો) | નિઃશુલ્ક |
| ૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | | ૫૦ |
| ૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | | ૮૦ |
| ૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | | ૧૦૦ |

૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ ૧૦૦

## નિત્યસ્તોત્રપાઠ

૨૬. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) પાકું બાઈંડિંગ ૨૦
૨૭. પુષ્ટિપાઠાવલી (હિન્દી) પાકું બાઈંડિંગ ૨૦
૨૮. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૨૦
૨૯. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ ૧૦
૩૦. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત) ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૧. શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૪૦૦
૩૨. ષોડશગ્રન્થ. (સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. વિતરણ કરવા ઈચ્છનાર ટ્રસ્ટ કાર્યાલયનો સમ્પર્ક કરે. ૧ પ્રતિ ની પડતર રૂ. ૩૫. પોસ્ટેજ અલગથી)
૩૩. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો,પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન. ૭૦
૩૪. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ(અપ્રાપ્ય)૦૭
૩૫. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. ૫૦
૩૬. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી) ૨૫
૩૭. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લે. ભૂપેન્દ્રભાઈ ભાટીયા ૫૦
૩૮. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ(અપ્રાપ્ય) ૫૦
૩૯. ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય, લેખક :ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૦. ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૧. દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરે બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
૪૨. ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાય નો ટુકમાં અર્થ. લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી ૧૦
૪૩. શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. ૧૫૦
૪૪. શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે) ૩૦
૪૫. પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લેઃગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક

૪૬. ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિ:શુલ્ક
૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ)
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય
૪૯. રસદષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિ:શુલ્ક
૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય-નિ:શુલ્ક
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિ:શુલ્ક
૫૩. હમકું ઈતની સમજ ભલી (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક
આચાર્યોના વચનામૃતો નિ:શુલ્ક
૫૪.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय १००
૫૫.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका १५०
૫૬.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम्, (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૫૦/૭૦
૫૭.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૮૦/૧૦૦
૫૮.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦
૫૯.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ
ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) ૧૦૦
૬૦.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦
૬૧.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૨.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૩. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૪. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी,
व्याख्याता:गो.श्रीश्याम मनोहरजी अप्राप्य-नि:शुल्क
૬૫. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क

## ઈતિહાસ

૬૬. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. :
ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિ:શુલ્ક
૬૭. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. :

ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક

૬૮. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. ૨૫

**સન્દર્ભ ગ્રન્થો**

૬૯. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦

૭૦. હમકું ઈતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિઃશુલ્ક

૭૧. Summary of Shuddhadvaita Vangmaya. लेखक : गो.शरद् (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

**શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાઙ્મય :**

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૂત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી વગેરે ભાષામાં લિખિત મૂળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેનો અનુવાદ તેમજ તેના પર લિખિત વિવેચન વગેરે (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા વગેરે અધ્યયનોપયોગી) સાહિત્યનો બૃહત્ સંગ્રહ. ડાઉન્લૉડ અને માર્ગદર્શન માટે લિંક્ :

http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html

**હાલમાં નીચે મુજબ ગ્રન્થો તેની સંસ્કૃત ટીકાઓ અને અનુવાદ સહિત વાઙ્મયમાં ઉપલબ્ધ છેઃ**

ષોડશગ્રન્થ, શિક્ષાપદ્યાનિ, તત્ત્વાર્થદીપનિબન્ધ, બ્રહ્મસૂત્રાણુભાષ્ય, મધુરાષ્ટકમ્, પરિવૃઢાષ્ટકમ્, પુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, સુબોધિની (સ્કન્ધ ૧-૨), સેવાશ્લોકાઃ, વિદ્વન્મંડનમ્, સૌન્દર્યપદ્યમ્, સાધનદીપિકા, પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર, ભાગવતપુરાણ (૧ થી ૭, ૧૦ અને ૧૧ સ્કન્ધ નો ગુજરાતી-હિન્દી અનુવાદ), હરિરાયવાઙ્મુક્તાવલી (૫૫ ગ્રન્થો) દ્રવ્યશુદ્ધિ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલી ખંડ ૨-૩, વાદાવલી, ભગવદ્ગીતામૃતતરંગિણી, વલ્લભાષ્ટકમ્, સર્વોત્તમસ્તોત્રમ્

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ : શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.** અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય :** અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છેઃ ૧. ટેલિફોનિક કોન્ફરન્સ્ ૨. ઇંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો ૩. ઇંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્. વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક :યોગેન્દ્રભાઈઃ(+91) 9323733796 પિનાકીનભાઈ : (+91)9726444515 નીરજભાઈ(અમેરિકા): +7325424165.
ઈમેલ્ સમ્પર્ક : pushtiswadhyay@gmail.com.

# પ્રાક્કથન

**નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુતકર્મણે। રૂપ-નામવિભેદેન જગત્ક્રીડતિ યો યતઃ।।**

જ્યારે નગર વસે છે ત્યારે નગરજનોના વ્યવહારોનું નિયમન કરવામાટે કાયદો પણ બનતો હોય છે. આ જ ન્યાયે બ્રહ્મ જ્યારે લીલાસૃષ્ટિને પ્રકટ કરે છે ત્યારે તેમાંની મનુષ્યસૃષ્ટિના વ્યવહારોનું નિયમન કરવામાટે શાસ્ત્રોને પ્રકટ કરે છે. આથી સૃષ્ટિ બે પ્રકારની કહેવાય છેઃ રૂપસૃષ્ટિ અને નામસૃષ્ટિ. જડ-જીવાદિને **'રૂપસૃષ્ટિ'** તરીકે ઓળખવામાં આવે છે અને માણ્ડૂક્યોપનિષદના **''ૐ ઈત્યેતદક્ષરમ્ ઈદં સર્વં તસ્ય ઉપવ્યાખ્યાનમ્''** તથા ઐતરેયોપનિષદ્ના **''અકારો વૈ સર્વા વાક્''** વચનો અનુસાર લૌકિક 'ઘટ'-'પટ' આદિ શબ્દોથી લઈને વેદાદિ શાસ્ત્રો પર્યન્ત વર્ણ-પદ-વાક્યાત્મક સૃષ્ટિને **'નામસૃષ્ટિ'** તરીકે ઓળખવામાં આવે છે.

નામસૃષ્ટિના પ્રાકટ્યનું પ્રયોજન જણાવતાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ 'તત્ત્વાર્થદીપનિબન્ધ'ના સર્વનિર્ણય પ્રકરણમાં લખે છેઃ

**રૂપપ્રપઞ્ચકરણાદ્ આસક્તસ્વાંશવારણે, શ્રુતિમાત્મપ્રસાદાય ચકારાત્માનમેવ સઃ**

રૂપપ્રપઞ્ચના વૈવિધ્ય, ઉચ્ચ-નીચભાવ વગેરેને જોઈને અલ્પજ્ઞ જીવોનું તેમાં આસક્ત થવું તથા ભ્રમિત થવું સ્વાભાવિક છે. આવા અલ્પજ્ઞ જીવોની રૂપપ્રપઞ્ચમાંની આસક્તિને દૂર કરવામાટે ભગવાન્ સ્વયં નામપ્રપઞ્ચરૂપે પ્રકટ થાય છે (વેદાદિ શાસ્ત્રોના પ્રાકટ્યની પ્રક્રિયામાટે દ્રષ્ટવ્ય ભાગ.૧।૩।૧૩).

તેથી **''યદા યદા હિ ધર્મસ્ય''** એ ગીતાવચનાનુસાર જેમ ભગવાન્ તત્તત્પ્રયોજનથી તત્તત્કાર્યને કરવામાટે ભૂતલ પર અંશ-કલા-આવેશાદિ રૂપે તેમજ ક્યારેક સાક્ષાત્ પણ પ્રકટ થતા હોય છે તેમ સાક્ષાત્ સ્થિતિના અભાવમાં તત્તત્કાર્યોને સમ્પન્ન કરાવવામાટે ભગવાન્ પોતાના નામાત્મક સ્વરૂપ તત્તચ્છાસ્ત્રોરૂપે તત્તત્કાલમાં પ્રકટ થતાં હોય છે.

જેમ ભગવાનનું પ્રાકટ્ય સાક્ષાત્ તેમજ પરોક્ષ બન્ને પ્રકારે થતું હોય છે તે જ પ્રમાણે શાસ્ત્રોનું પ્રાકટ્ય પણ ક્યારેક સાક્ષાત્ તો ક્યારેક પરમ્પરા થી થતું હોય છે. વેદો, પઞ્ચરાત્ર આગમ, ચતુઃશ્લોકી ભાગવત, ભગવદ્ગીતા, અનુગીતા આદિ શાસ્ત્રોનું પ્રાકટ્ય સાક્ષાત્ ભગવાનથી થયું છે. સાક્ષાત્ પ્રકટ થયેલ શાસ્ત્રોના અર્થ-તાત્પર્યને સુબોધ બનાવવામાટે

**ઈદં ભાગવતં નામ યન્મે ભગવતોદિતમ્, સઙ્ગ્રહોઽયં વિભૂતીનાં ત્વમેતદ્વિપુલી કુરુ,**
**યથા હરૌ ભગવતિ નૃણાં ભક્તિર્ ભવિષ્યતિ, સર્વાત્મન્યખિલાધાર ઈતિ સઙ્કલ્પ્યોપવર્ણય**

દ્ર સદશ આજ્ઞાદ્વારા ભગવાન્ સ્વોપદિષ્ટ શાસ્ત્રનો વિસ્તાર તે-તે અધિકારીના હૃદયમાં પ્રવેશીને કારાવતાં હોય છે. જેમ ચતુઃશ્લોકી ભાગવતનો પ્રથમોપદેશ ભગવાને બ્રહ્માજીને કર્યો હતો. તત્પશ્ચાત્ત તે જ ભાગવતને બ્રહ્માજીએ ભગવદાજ્ઞાથી ત્રણ અધ્યાયોમાં નારદજીને કહ્યું.

આમ કરતાં તેનો ૧૮,૦૦૦ શ્લોકોમાં વિપુલીકરણ થતું ગયું. એક જ અર્થનું વિભિન્ન પ્રકારે નિરૂપણ કરવું તેને 'વિપુલીકરણ' કહે છે. તેથી બ્રહ્માજીએ કહેલ ભાગવતનું વિપુલીકરણ જેમ નારદજીએ કર્યુ હતું તેમ એક અન્ય પરમ્પરાના આન્તર્ગત વ્યાસજીએ સાક્ષાત્ ભગવત્પ્રોક્ત ગીતાના અર્થનો વિસ્તાર ભાગવતમાં કર્યો.

ભગવાન્ ક્યારેક દેવ, ઋષિ, આચાર્ય કે ભક્ત ના મુખે પણ શાસ્ત્રોને પ્રકટ કરતાં હોય છે. પરમ્પરાથી પ્રકટ થતા ભગવજ્જ્ઞાનરૂપ શાસ્ત્રો પરમ્પરાનો નિર્વાહ ન થતાં લુપ્ત પણ થઈ જતાં હોય છે. પ્રભુને તે જ્ઞાનને પુનઃ પ્રકટ કરવાની ઈચ્છા થતાં તે પરમ્પરાગત જ્ઞાન પુનઃ પણ પ્રકટ થઈ જતું હોય છે. ભગવદ્ગીતાના ચતુર્થાધ્યાયમાં ઉપદિષ્ટ યોગની બાબતમાં ભગવાને સ્વયં તેની પરમ્પરાનો લોપ અને પુરાતન પરમ્પરાના પુનઃ પ્રાકટ્યનું નિરૂપણ કર્યું છેઃ **''ઈમં વિવસ્વતે યોગં પ્રોપ્તવાનહમવ્યયમ્, ... સએવાયં મયા તેડદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ''.**

બ્રહ્માજીદ્વારા સૃષ્ટ્યારમ્ભમાં વેદ-પુરાણોના પ્રકટ થયા હોવાનું વર્ણન પુરાણોમાં જોવા મળે છે : **''પુરાણં સર્વશાસ્ત્રાણાં પ્રથમં બ્રહ્મણા સ્મૃતમ્''.**

**''પુરાણમ્ એકમેવાસીત્ તસ્મિન્ કલ્પાન્તરેડનઘ''** વેદ-પુરાણ પ્રારમ્ભમાં એક જ હતાં. પરન્તુ કાલક્રમે મનુષ્યોનું સામર્થ્ય, આયુષ્ય આદિ ઓછું થતાં દ્વાપર યુગના અન્તમાં મહર્ષિ વેદવ્યાસજી રૂપે પ્રકટ થઈને ભગવાને વેદનો વિભાગ કર્યો.

આજ પ્રમાણે ભગવાન્ શતકોટિ વિસ્તારવાળા પુરાણનો વિભાગપણ મહાપુરાણ-પુરાણ-ઉપપુરાણ-સાત્વિકપુરાણ-રાજસપુરાણ-તામસપુરાણ આદિ ભેદથી વ્યાસદ્વારા કરાવે છે. મત્સ્યપુરાણમાં આ બાબતમાં કહેવાયું છેઃ **''કાલેનાગ્રહણં દૃષ્ટ્વા પુરાણસ્ય તતો દ્વિજાઃ, .. તદષ્ટાદશધા કૃત્વા ભૂર્લોકેડસ્મિન્ પ્રભાષ્યતે''.**

શ્રીભાગવત મહાપુરાણનું પ્રાકટ્ય સર્વવિલક્ષણ છે. લોક હિતાર્થ વેદોનો વિભાગ અને અનેક પુરાણોને પ્રકટ કરવા છતાં તે બધું ત્રિવર્ણાધિકારક છે ત્યારે સ્ત્રી, શૂદ્રો તેમજ દ્વિજબન્ધુ નો ઉદ્ધાર કેમ થશે તેવું વિચારીને વેદવ્યાસજીએ મહાભારતને પ્રકટ કર્યું **''સ્ત્રી-શૂદ્ર-દ્વિજબન્ધૂનાં ત્રયી ન શ્રુતિગોચરા, ઈતિ ભારતમાખ્યાનં કૃપયા મુનિના કૃતમ્''** મહાભારતના માધ્યમથી વ્યાસજીએ વેદાર્થ પ્રકટ કર્યો અને પુરાણોક્ત ધર્માર્થ-કામ-મોક્ષ પુરુષાર્થોનું નિરૂપણ કર્યુ.

આટલું-આટલું કરવા છતાં મહર્ષિ વેદવ્યાસજીના મનમાં કૃતકૃત્યતા અનુભવાતી ન હતી. આનું કારણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ નિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં જણાવે છેઃ

**''સર્વતત્ત્વં સર્વગૂઢં પ્રસંગાદ્ આહ પાંડવે,**

**શુકવત્ તદ્ વ્યાસગીતં સત્ત્વેનાસ્યાવતારતઃ,**
**ઈશવાક્યન્તુ તસ્યાપિ દુર્બોધં ભજનાદૃતે''.**

યુદ્ધના અવસર પર ભગવાને અર્જુનને ગુઢમાં પણ ગૂઢ સર્વતત્ત્વસારભૂત ઉપદેશ આપ્યો હતો. મહાભારતમાં વ્યાસજીએ તે ઉપદેશનું યથાવત્ સઙ્કલન પણ કર્યું હતું. પરન્તુ તે સઙ્કલન 'શુકવત્' (પોપટિયા રટણ સમાન) હતું. વ્યાસજીએ ભગવદ્યશનું વર્ણન સરખી રીતે કર્યું ન હોવાથી ભગવદ્ગીતા તેમના માટે પણ દુર્બોધ હતી. વ્યાસજીની પોતાની જ્યારે આવી કફોડી સ્થિતિ હોય ત્યારે અન્ય સામાન્ય જીવો ઈશ્વરના વચનોને કેમ સમજી શકશે એ વિચારથી વ્યાસજી વ્યથિત હતાં. પરમ ભાગવત શ્રીનારદજીને પોતાની વ્યથા જણાવતાં તેમણે વ્યાસજીની વ્યથાનું કારણ જાણીને તેના સમાધાન રૂપે ભગવાનની મહિમાનું સમ્યક્ વર્ણન કરવાની સલાહ આપી : **''ત્વમપ્યદભ્રશ્રુત વિશ્રુતં વિભોઃ સમાપ્યતે યેન વિદાં બુભુત્સિતમ્, આખ્યા હિ દુઃખૈર્મુહુરર્દિતાત્મનાં સંક્લેશનિર્વાણમુશન્તિ નાન્યથા''.**

ભગવત્કૃપાથી શ્રીવ્યાસજીને સમાધિયોગમાં ભગવસ્વરૂપ-લીલાદિનો સાક્ષાત્કાર થયો. તે સ્વાનુભવને તેમણે શ્રીભાગવત સ્વરૂપે પ્રકટ કર્યો.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધમાં આજ્ઞા કરે છે : ''અવતરેલાં ભગવાન્ જ્યાં સુધી ભૂતલપર બિરાજ્યાં ત્યાં સુધી પોતાના સ્વરૂપબલથીજ સર્વનો ઉદ્ધાર કર્યો. ભગવાનના સ્વધામ પધાર્યા પછી તો ભાગવતજ ઉદ્ધરક છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી''.

આચાર્યચરણના મતે ભાગવતમાં નિરૂપિત વિષય તે જ છે કે જે વેદ-ગીતાદિશાસ્ત્રોમાં નિરૂપિત છે. આ દૃષ્ટિથી વિચારતાં ભાગવતમાં કંઈ અપૂર્વતા નથી. આમ છતાં ભાગવતનું વૈલક્ષણ્ય તેની નિરૂપણ શૈલીમાં છે. જે તત્ત્વ વેદ-ગીતામાં સૂત્ર સ્વરૂપે છે તે અહીં ભાષ્ય સ્વરૂપે છે. જે તત્ત્વ ત્યાં ગૂઢ છે તે અહીં પ્રકટ છે.

'ભાગવત'નો અર્થ સમજાવતાં ''ઈદં ભાગવતં નામ'' ની સુબોધિનીમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય લખે છે : **''ભગવતા પ્રોક્તં, ભગવત્પ્રતિપાદકં, ભગવત્ફલકં ચ ઈતિ''.** ભાગવત એ ભગવાનની વાણી છે, ભગવાન જ તેનો પ્રતિપાદ્ય વિષય છે અને ભગવાન જ તેનું ફળ છે. તેથીજ તત્ત્વાર્થદીપનિબંધના ભાગવતાર્થપ્રકરણમાં આપ લખે છેઃ

> *''ભાગવત ભગવદ્રૂપ છે તેથી તેના પાઠ રૂપે તેને ધારણ કરવાથી ભાગવતસ્વરૂપે ભગવાન જ ધારણ થાય છે. હૃદયમાં સ્થિત ભગવાન્ ભક્તના ચિત્તને પોતાનામાં આસક્ત બનાવીને અન્ય સ્થળેથી વિરક્ત કરી દે છે તેજ કાર્ય ભાગવતસ્વરૂપે ધારણ કરેલા ભગવાન્પણકરે છે. અને ભાગવતનો પાઠ પણ જો તેના ખરેખરા અર્થ-તાત્પર્યને જાણીને કરવામાં*

*આવે તો તેવું જ્ઞાન ભક્તિના અઙ્ગરૂપ હોવાથી તેનાથી ભગવાનનું જ્ઞાન થાય જ છે અને તેથી ભગવાન્ ભક્તિ આપે છે''.*

ભાગવતના આ સ્વરૂપને પ્રકટ કરતાં સ્વયં ભાગવત કહે છે :

**શ્રીમદ્ભાગવતં પુરાણમમલં યદ્ વૈષ્ણવાનાં પ્રિયં,**
**યસ્મિન્ પારમહંસ્યમેકમમલં જ્ઞાનં પરં ગીયતે ।**
**તત્ર જ્ઞાનવિરાગભક્તિસહિતં નૈષ્કર્મ્યમાવિષ્કૃતં,**
**તચ્છૃણ્વન્ વિપઠન્ વિચારણપરો ભક્ત્યા વિમુચ્યેન્ નરઃ।।**

વેદકર્તા ભગવાનના સાક્ષાત્ શ્રીમુખથી ભાગવતનું પ્રાકટ્ય થયું છે તેથી અર્થગામ્ભીર્ય તેમજ પ્રામાણ્ય ની દૃષ્ટિમાં ભાગવતનું મહત્વ વેદની તુલનામાં કિઞ્ચિન્માત્ર પણ ન્યૂન નથી. આથી જ ગીતા-ભાગવતને સમ્પ્રદાયમાં સમાનકોટિક માનવામાં આવે છે. ભાગવત વેદતુલ્ય હોવાથી જો તેને શ્રુતિકોટિમાં મૂકવામાં આવે તો વેદ ત્રૈવર્ણિકાધિકારક હોવાથી ભાગવતધર્મ પણ ત્રિવર્ણમાત્રાધિકરક રહી જાય. આમ જો થાય તો ભગવાનની ભાગવતદ્વારા સર્વોદ્ધારની ઈચ્છા સિદ્ધ ન થાય. ભાગવતને 'વેદ' ન કહેવા પાછળ આ જ મુખ્ય કારણ છે. વસ્તુતઃ તો ભાગવત વેદ કરતાં પણ ઉત્કૃષ્ટ છે. કારણ કે વેદો તો દેશકાલદ્રવ્યાદિ સાપેક્ષ છે. આજે કલિકાલમાં દેશકાલાદિ ધર્મના સાધનો શુદ્ધ રહ્યાં નથી. મલિનાચરણને કારણે લોકોનો અધિકાર વેદમાં રહ્યો નથી. વળી, વૈદિક ધર્માચરણના ઉપકારક સ્મૃતિ-પુરાણોના અર્થો પણ દૂષિત થઈ ગયાં છે. આવી સ્થિતિમાં વેદો પોતાનો જ નિર્વાહ કરવા સમર્થ નથી રહ્યાં ત્યારે તે પોતાના આશ્રિત લોકોનો નિર્વાહ ક્યાંથી કરી શકે! આની સામે ભાગવતોક્ત ભક્તિ કાલાદિસાધનોથી નિરપેક્ષ, સર્વશ્રેષ્ઠ અને ફલ-સાધનની દૃષ્ટિમાં પણ સુગમ છે.

**પ્રમાણ-પ્રમેય-સાધન-ફલરૂપ ભાગવતઃ**

જેમ આચાર્યચરણે પુષ્ટિભક્તિમાર્ગની દૃષ્ટિથી ચતુર્વિધ ધર્માર્થ-કામ-મોક્ષ પુરુષાર્થોનો સાક્ષાત્ તેમજ પરમ્પરયા સમન્વય શ્રીકૃષ્ણમાં બતાવ્યો છે તેવો જ સમન્વય પ્રમાણ-પ્રમેય-સાધન-ફલની દૃષ્ટિથી ભાગવતમાં પણ દેખાઈ આવે છે. શ્રીભાગવત પુરાણ અને ભગવાન્ શ્રીકૃષ્ણ માં આચાર્યચરણોની અનન્યદૃષ્ટિ જ આનું કારણ છે. **''યાદૃશો ભગવાન્ ભાગવતરૂપો જાતઃ તાદૃશોઽયં વર્ણિતઃ''**. ભગવાન્ સ્વયં ભાગવત રૂપે થયા હોવાથી આચાર્યચરણોને ભાગવતમાં ભગવાન્ સિવાય કંઈ જડતું જ નથી. આપભાગ. નિબ.માં લખે છેઃ **''સર્વત્ર ભાગવતે ભગવાનેવ પ્રતિપાદ્યઃ''.**

**પ્રમાણ :**

શબ્દપ્રમાણવાદિઓ પ્રામાણ્યની દૃષ્ટિથી શાસ્ત્રોનું બે કોટિઓમાં વર્ગીકરણ કરે છેઃ શ્રુતિકોટિ અને સ્મૃતિકોટિ. શ્રુતિકોટિમાં વેદ-ઉપનિષદ્‌ની ગણના થાય છે. જ્યારે કે

સ્મૃતિકોટિમાં મન્વાદિ સ્મૃતિ, પુરાણ-ઉપપુરાણ, મહાભારતાદિ ઈતિહાસ, પઞ્ચરાત્રાદ્યાગમ આદિ ની ગણના થાય છે.

ઉપર્યુક્ત દષ્ટિથી વિચારતાં
**''ઈતિહાસ-પુરાણં વેદાનાં પઞ્ચમં વેદમ્''**
**''શ્રુતિસ્મૃતી ઉભે નેત્રે પુરાણં હૃદયં સ્મૃતમ્''**
**''વેદાઃ પ્રતિષ્ઠિતાઃ સર્વે પુરાણેષુ ન સંશયઃ''**
**''ઈતિહાસપુરાણાભ્યાં વેદં સમુપબૃંહયેત્, બિભેત્યલ્પશ્રુતાદ્ વેદો મામયં પ્રહરિષ્યતિ''**
**''ઈતિહાસપુરાણૈસ્તુ કૃતોऽયં નિશ્ચલઃ પુરા''**
**''નાન્યથા જ્ઞાયતે ધર્મો બ્રહ્મવિદ્યા ચ વૈદિકી, તસ્માત્સર્વપુરાણં ચ શ્રદ્ધાતવ્યં મનીષિભિઃ''**
**''પુરાણં સર્વશાસ્ત્રાણાં પ્રથમં બ્રહ્મણા સ્મૃતમ્''**

ઈત્યાદિ વચનોથી શ્રીભાગવતનું પુરાણત્વેન પ્રામાણ્ય તો સર્વત્ર પ્રસિદ્ધ છે જ. પરન્તુ શ્રીઆચાર્યચરણોને જો શ્રીભાગવતના પ્રામાણ્યની બાબતમાં પૂછવામાં આવે તો શ્રીભાગવતનો સ્મૃતિકોટિમાં સમાવેશ થતો હોવા છતાં શ્રીભાગવતનું પ્રામાણ્ય આપને તેથી પણ અધિક માન્ય છે. આનું કારણ જણાવતાં આચાર્યચરણ સર્વનિર્ણયનિબન્ધમાં લખે છેઃ **''સર્વમુક્તિનિવૃત્ત્યર્થં વેદત્વં તસ્ય નોક્તવાન્''**. સાક્ષાત્ ભગવદુક્ત હોવાથી વ્યાસજીની દષ્ટિમાં પણ ભાગવત વેદતુલ્ય છે. આમ છતાં ભાગવતને જો 'વેદ' કહેવામાં આવે તો વેદમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યનો જ અધિકાર હોવાથી જેમ તેની સર્વોદ્ધારકતા નથી તેમ શ્રીભાગવતની પણ સર્વોદ્ધારકતા ન રહે. આમ જો થાય તો કલિકાલના નિઃસાધન જીવોનો તેમજ વૈદિક સાધનોમાં જેમનો અધિકાર નથી તેવા સ્ત્રી-શૂદ્રોનો ઉદ્ધાર કેમ થશે? ઈત્યાદિ વિચારથી વ્યાસજીએ ભાગવતને 'વેદ' નથી કહ્યું. અન્યથા તો ઉદ્ધારકતાના વિચારથી તો ભાગવતનું મહત્વ વેદ કરતાં પણ અધિક છે. કારણ કે વૈદિક સાધનો તો કાલાદિસાપેક્ષ છે જ્યારે કે ભાગવતમાર્ગ તો કાલાદિનિરપેક્ષ, સુગમ તથા સર્વથા ફલસાધક છે.

મત્સ્યપુરાણ, સ્કન્દપુરાણ, પદ્મપુરાણ આદિમાં નિરૂપિત ભાગવતમાહાત્મ્ય પ્રસિદ્ધ જ છે. સ્વયં શ્રીભાગવતમાં પણ તેના પ્રામાણ્યનું નિરૂપણ થયું છેઃ
**''નિગમકલ્પતરોર્ ગલિતં ફલમ્''**
**''ઈદં ભાગવતં નામ પુરાણં વેદસમ્મિતમ્''**
**''સર્વવેદેતિહાસાનાં સારં સારં સમુદ્ધૃતમ્''** ઈત્યાદિ.

**પ્રમેયઃ**

ભાગવતની પ્રમેયરૂપતા તેની ભગવદ્રૂપતામાં છે. આચાર્યચરણ **''[1]સ્વાનુભાવમ્ [2]અખિલશ્રુતિસારમ્ એકમ્[3] [4]અધ્યાત્મદીપમ્''** ની સુબોધિનીમાં તેનું વિવરણ કરતાં લખેછે :
**''ભાગવતસ્ય સર્વરૂપોત્કર્ષાય ચત્વારિ વિશેષણાનિ :**

**પ્રમેયરૂપતાં, પ્રમાણરૂપતાં અસાધારણ્યં સાધનોત્તમરૂપતાં પ્રતિપાદયન્તિ ક્રમેણ. ... ભાગવતસ્ય ભગવદ્રૂપત્વાદ્ યથા ભગવતઃ સ્વાસાધારણો અનુભવઃ સર્વભકતેષુ તથા ભાગવતસ્યાઽપિ તચ્ચિન્તકેષુ''.**

અહીં ભગાવતની પ્રમાણ-પ્રમેય-સાધન રૂપતા કણ્ઠોક્ત છે. અન્યત્ર પણ ભાગવતની ભગવદ્રૂપતાનું નિરૂપણ કરતાં આચાર્યચરણ લખેછે : **''સર્વત્ર ભાગવતે ભગવાનેવ પ્રતિપાદ્યઃ'', ''તસ્ય ભગવદ્રૂપત્વાત્ તેન રૂપેણ ભગવાનેવધૃતઃ''.**

સર્વનિર્ણય નિબન્ધમાં પણ વેદમાં ગુપ્તરીતે નિરૂપિત ધર્મ જ ભાગવતદ્વારા ભગવાને પ્રકટ કર્યો છે તેમ આચાર્યચરણ જણાવે છે :

> *''વેદના પૂર્વોત્તરકાણ્ડમાં ભગવાનના સ્વરૂપનું જેમ ક્રિયા-જ્ઞાન રૂપે ખણ્ડશઃ નિરૂપણ કરવામાં આવ્યું છે તેમ ભગવાનના અખણ્ડ અવતારી કૃષ્ણ સ્વરૂપનું શ્રીભાગવતમાં નિરૂપણ છે. તેથી ''પ્રમેયં હરિરેવૈકઃ'' શ્રીહરિ જ એક માત્ર પ્રમેય છે''.*

નિબન્ધના ભાગવતાર્થ પ્રકરણના આરમ્ભમાં આચાર્યચરણે આધિદૈવિક દષ્ટિથી નિરૂપણ કરતાં ભાગવતના દ્વાદશસ્કન્ધોને ભગવાનના દ્વાદશાઙ્ગોની સાથે સરખાવીને ભાગવતની ભગવદ્રૂપતાનું દર્શન કરાવ્યું છે : **''ઈતીદં દ્વાદશસ્કન્ધં પુરાણં હરિરેવ સઃ, ... પુરુષે દ્વાદશત્વં હિ ...''.**

**સાધનઃ**

ભાગવતની સાધનરૂપતા બે પ્રકારે છે :

**૧.સર્વસાધારણદષ્ટ્યા અને**
**૨.પુષ્ટિભક્તિમાર્ગદષ્ટ્યા.**

૧.સર્વસાધારણદષ્ટ્યા :

સર્વસાધારણદષ્ટ્યા ભાગવતની સાધનરૂપતાનો વિચાર કરવામાં આવે તો દેહ-ગૃહસ્થાનીય શ્રૌત-સ્માર્તધર્મનું ઉપકરણ પુરાણ છે. તેથી પુરાણત્વેન ભાગવતની સાધનરૂપતા છે.

પુરાણોમાં અધિકારીભેદથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ તથા ભક્તિ નું દેશાદિ ષડંગ સહિત કામ્ય અને નિત્ય આમ બે પ્રકારે નિરૂપણ કરવામાં આવ્યું છે. વેદો ત્રિવર્ણાધિકારક છે જ્યારે કે

પુરાણો સર્વોપકારક છે. તેથી જ બ્રાહ્મણને અગ્રશ્રોતા બનાવીને સર્વને પુરાણોપદેશનું વિધાન છે. પૌરાણિક પુરષાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરીને સાત્ત્વિકાદિ જીવો સ્વભાવ-રુચિ અનુસાર ધર્માદિમાં પ્રવૃત્ત થઈને શનૈઃ-શનૈઃ પોતાના તામસાદિ હીન ભાવોથી મુક્ત થાય છે. અન્તે **''મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે''** વચનાનુસાર ભગવત્કૃપાલભ્ય નિર્ગુણાવસ્થામાં ભગવત્સમ્બન્ધને પ્રાપ્ત કરીને આમ ક્રમિક પણે મુક્ત થાય છે (સર્વનિ.નિ.૪૭, ૫૪).

પ્રત્યેક કલ્પાન્તમાં ભગવદિચ્છાથી જ મનુષ્યોનાં બુદ્ધિ, આયુષ્ય, સામર્થ્ય તેમજ દેશાદિ ધર્માંગો નો ક્ષય થતો હોય છે. આવામાં સૃષ્ટિસ્થ દૈવીજીવોના ઉદ્ધારાર્થ વ્યાસાવતારદ્વારા ભગવાન્ જેમ વેદ-પુરાણોનો વિભાગ કરતા હોય છે તેમ સર્વોપકારક મહાભારત-ભાગવતાદિને પણ પ્રકટ કરતા હોય છે. કાલક્રમે જ્યારે અગ્નિહોત્રાદિ શ્રૌત તથા ગર્ભાધાનાદિસંસ્કારાદિ સ્માર્ત ધર્મો શિથિલ થતાં જાય છે ત્યારે પુરાણોક્ત ધર્મો જ એક માત્ર આશ્રય રહી જતાં હોય છે. આથી અગતતિકગત્યા પુરાણોક્ત ધર્મનો આશ્રય યદિ કોઈ કરે છે તો તેને પણ ક્રમિક રીતે મુક્તિ પ્રાપ્ત થાય છે.

આમાં પણ ભક્તિશાસ્ત્ર એવા ભાગવતની મુખ્યતા છે. આનું કારણ સ્પષ્ટ કરતાં શ્રીપુરુષોત્તમચરણ નિબન્ધાવરણભંગના અન્તે લખે છેઃ

> *''બ્રહ્મસૂત્રની રચના પછી પણ સન્તોષ ન થતાં વ્યાસજીએ ભક્તિશાસ્ત્ર ભાગવતને પ્રકટ કર્યું એ જ એ બતાવી આપે છે કે કાલાદિના દોષવશાત્ વૈદિક સાધનો જ્યારે કુણ્ઠિત થઈ ગયાં છે ત્યારે સર્વસાધારણમાટે કાલાદિનિરપેક્ષ ગીતા-ભાગવતોક્ત ભક્તિ-પ્રપત્તિ જ એક માત્ર સાધન રહેછે''.*

ભગવન્નિષ્ઠ ભક્તો તો કાલાદિની ચિન્તા કર્યા વિના સ્વભાવથી જ ભક્તિમાં રચેલા-પચેલા રહેતાં હોય છે. તેથી તેવા ભક્તો અગતિકગત્યા નહીં પરન્તુ સ્વતન્ત્રપુરુષાર્થરૂપ જાણીને નિત્યધર્મવદ્ ભગવદ્ભજન કરતાં હોય છે. જે, પરન્તુ, આવા ભાવવાળા નથી તેવા હીનાધિકારીઓને પણ ભાગવતનો ઉત્કર્ષ સમજમાં આવે તે રીતે આચાર્યચરણ ભાગવતાર્થનિબન્ધના અન્તમાં લખે છેઃ **''શ્રીભાગવતમેવાऽત્ર કેવલં ચેત્ સમાશ્રિતઃ, ગંગાવદ્ હરિવચ્ચૈવ શમ્ભુવચ્ચ ફલિષ્યતિ''.**

આવા જ અધિકારીઓમાટે ભગવદ્ધર્મનો આશ્રય લેવાનો ઉપદેશ આચાર્યચરણ કાલાદિની પરિસ્થિતિનું વર્ણન કરતાં સર્વનિ.નિબ.ના સાધનપ્રકરણમાં તેમજ શ્રીભાગવત પ્રથમસ્કન્ધમાં ''તસ્માદ્ ભારત સર્વાત્મા...''ની સુબોધિનીમાં કરે છે :

*“જૈમ વૈદિકમાર્ગ ત્રિવર્ણનો ઉદ્ધારક છે તેમ બધાથી સ્વતન્ત્ર ભાગવતમાર્ગ પણ ઉદ્ધારક છે જ. અનેક ભગવદીયો ભાગવતમાર્ગથી ભગવત્પદને પ્રાપ્ત થયા છે. ધ્યાતવ્ય છે કે ત્રૈવર્ણિકોમાટે વૈદિકમાર્ગ અને અન્યો માટે ભાગવતમાર્ગ એવો વ્યવસ્થિત વિકલ્પ નથી. કારણ કે વૈદિકમાર્ગમાં ક્લેશાધિકતાનું ભગવાન્ દ્વારા કથન “ક્લેશોધિકતરસ્તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્, અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે” અને જે માર્ગે સ્ત્રી-શૂદ્રાદિ પણ ભગવત્પદને પામી શકે છે ત્યારે અન્યોની તો શું વાત કરવી એમ કૈમુતિકન્યાયથી ભગવાને ગીતામાં કહ્યું છેઃ “માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ, સ્ત્રિયો વૈશ્યાસ્ તથા શૂદ્રાઃ તેઽપિ યાન્તિ પરાં ગતિમ્, કિં પુનર્ બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા”. આથી વ્યવસ્થિતવિકલ્પ નથી”.*

૨.પુષ્ટિભક્તિમાર્ગદૃષ્ટ્યાઃ

પુષ્ટિભક્તિમાર્ગદૃષ્ટ્યા ભાગવતની સાધનરૂપતાનો વિચાર કરતાં આચાર્યચરણ સર્વ.નિબ.માં લખે છેઃ

*“કર્મકાણ્ડ પ્રતિપાદ્ય યજ્ઞરૂપ તેમજ ઉત્તરકાણ્ડ પ્રતિપાદ્ય જ્ઞાનરૂપ આમ ઉભયરૂપથી વિશિષ્ટ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ વેદાર્થ છે. તે જ ભક્તિમાર્ગનું ફળ છે. આવા શ્રીકૃષ્ણની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન પ્રેમ-ભક્તિ છે. ભગવત્પ્રેમનું સાધન નવધાભક્તિ છે. સાક્ષાત્ ભગવાન્ દ્વારા કહેલ ગીતા તેનું સઙ્ક્ષેપમાં પ્રતિપાદન કરે છે. તે ગીતોક્ત ભક્તિનો જ વિસ્તાર ભાગવતમાં છે”.*

પુષ્ટિભક્તિમાર્ગીય સાધનામાં ભગવત્સેવા અને ત્યાગપૂર્વક ભગવદ્ગુણગાન એ બે મુખ્ય સાધન છે. આચાર્યચરણ આજ્ઞા કરે છેઃ

**“બાહ્યાભ્યન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતમ્, નામ્નિ ચૈકં તતસ્ ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ”**

ભગવત્સેવાસાધનનું અનુષ્ઠાન તો મુખ્ય રૂપથી સેવકસાધનાદિથી સમ્પન્ન ગૃહસ્થાદિ માટે જ સમ્ભવ છે. તેથી જેને અવ્યાવૃત્ત રહીને ભગવત્સેવા કરી શકવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે તે ભગવત્સેવા સિવાયના સમયમાં નિયમથી ભાગવતાદિ દ્વારા જો ભગવદ્ગુણગાન પણ કરે છે તો તેની સાધના સાંગોપાંગ સમજવી જોઈએ.

જે, પરન્તુ, પૂર્ણ પણે અવ્યાવૃત્ત ન બની શકતો હોય તેણે એક સમય ભગવત્સેવા કરીને શેષ સમયમાં આજીવિકાદિનો ઉપાય કરવો જોઈએ.

જેઓથી, પરન્તુ, પ્રતિબન્ધોને કારણે સ્વગૃહમાં ભગવત્સેવા કરી શકાતી ન હોય તેવાદ્ગ

જો બીજભાવ દઢ થઈ ગયો હોય અને તેથી ગૃહાદિનો ત્યાગ કર્યા પછી પણ દુઃસંગ, અન્નદોષાદિનો તેમને કોઈ ભય રહી ન ગયો હોય તોદ્ઢ સિદ્ધ ભક્તોએ ભક્તિવર્ધિની-સન્ન્યાસનિર્ણયાદિ ગ્રન્થોક્ત પ્રકારે તદર્થૈકમાનસ થઈને દેહપાતપર્યન્ત સદા તીર્થપર્યટન કરતા રહેવું જોઈએ. જો, પરન્તુ, બીજભાવ દઢ ન હોય તો એવા ભક્ત્યર્થીએ ભગવદ્ભક્તો નિવાસ કરતા હોય તેવા સ્થાનમાં સત્સઙ્ગલાભ મેળવવામાટે વસવું જોઈએ.

જેનાથી એ પણ શક્ય ન હોય તેનામાટે આચાર્યચરણ તૃતીય પક્ષ રૂપે પ્રયત્ન પૂર્વક અને આદરથી કોઈ પણ પ્રકારની લૌકિક-પારલૌકિક કામના મનમાં રાખ્યા વિના સર્વદા શ્રીભાગવતનો આશ્રય લેવાનું સૂચવે છે : **"અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમાદરાત્, પઠનીયં પ્રયત્નેન સર્વહેતુ-વિવર્જિતમ્".**

આ પ્રમાણે આચાર્યચરણે **"અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્, સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્"** ગીતાના દ્વાદશાધ્યાયમાં ભગવાને કહેલ રીતિનું અનુસરણ કરતાં મુખ્ય-ગૌણ પ્રકારે પુષ્ટિભક્તિમાર્ગીય સાધનોનું નિરૂપણ ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ અધિકારીઓને લક્ષ્યમાં લઈને કર્યું છે.

**સાધનામાં નિરુપધિભાવઃ**

પુષ્ટિભક્તિ તેમજ પુષ્ટિપ્રપત્તિ માર્ગીય સાધનાના ઉપરોક્ત કોઈ પણ પ્રકારોની બાબતમાં એક વાત બહુ સ્પષ્ટ પણે સમજી લેવી જોઈએ કે, મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના મતે, પુષ્ટિભક્તિમાર્ગના અનુયાયીદ્વારા પ્રારમ્ભિક અવસ્થામાં કરાતી શરણાગતિ, ભગવત્સેવા કે ગુણગાન માં કદાચ સ્નેહ ન હોય અને કેવલ આદર પૂર્વકની રુચિ હોય તો પણ, તેથી પણ આગળ વધીને આચાર્યચરણોની આજ્ઞાના પાલન માત્રની ભાવના હોય તો પણ તેને પુષ્ટિભક્તિ સમ્પ્રદાયની સાધના તરીકે માન્ય કરી શકાય છે પરન્તુ કોઈ પણ સ્થિતિમાં, પ્રભુભક્તિના બદલામાં ધર્માર્થ-કામ-મોક્ષાદિ સમ્બન્ધિ ફલપ્રાપ્તિની કામનાઓ તેમજ ક્રોધ-લોભ-મોહ-મદ-માત્સર્ય આદિ મનોવિકારોથી જો પ્રભુસેવા-ગુણગાન કે શરણાગતિ વગેરે કરવામાં આવતા હોય તો તેવા કોઈ પણ પ્રકારોને પુષ્ટિભક્તિ સમ્પ્રદાયની સાધના તરીકે, અત્યન્ત પ્રારમ્ભિક અવસ્થામાં પણ, માન્ય કરી શકાતા નથી. તેથી જ આવા મનોવિકારોને જો કોઈ પુષ્ટિમાર્ગી છોડી શકતો ન હોય તો તેણે સમજી લેવું જોઈએ કે સામાજિક કે સામ્પ્રદાયિક દષ્ટિએ ભલે તેને કોઈ પુષ્ટિમાર્ગી સમજતું હોય કે તે પોતાની જાતને પુષ્ટિમાર્ગી તરીકે ઓળખાવતો હોય પરન્તુ પુષ્ટિપ્રભુ તેમજ શ્રીમહાપ્રભુજીની દષ્ટિમાં તો તે ક્યારનોય પુષ્ટિમાર્ગથી બહાર ફેંકાઈ ચૂક્યો છે. આ સ્થિતિમાં, માર્ગીય સિદ્ધાન્તથી વિરુદ્ધ આચરણ કરવાના ઘોર પાપથી બચવામાટે તેની પાસે પુષ્ટિભક્તિમાર્ગનો પરિત્યાગ જ એક ઉપાય બચે છે. આ વાત જેટલી પુષ્ટિમાર્ગી શિષ્ય તથા શાસ્ત્રી ને લાગુ પડે છે તેટલી જ શ્રીવલ્લભ વંશજ સ્વયં ગુરુને પણ લાગુ પડે જ છે.

વર્તમાન સમયમાં, નિર્ગુણ પુષ્ટિભક્તિ સમ્પ્રદાયમાં દીક્ષિત હોય તેવા પણ અધિકાંશ લોકોમાં(ગુરુઓમાં પણ!!!) નિરુપાધિક શરણાગતિ તેમજ ભક્તિ ના શુદ્ધ પુષ્ટિભાવને હૃદયમાં દઢ કરીને સામ્પ્રદાયિક સાધનાને અનુસરવાની મનોવૃત્તિને ઠેકાણે, તેનાથી સદંતર વિરુદ્ધ, સાંસારિક ક્ષુદ્ર કામનાઓની પૂર્તિની કામનાથી પ્રભુની શરણાગતિ-સેવા, કથા કરાતી જોવા મળે છે. આને આરૂઢપાતિત્યનું શ્રેષ્ઠતમ દષ્ટાન્ત કહી શકાય.

શ્રીવલ્લભાચાર્યચરણોના સિદ્ધાન્તોની નજરે જોવામાં આવે તો નીચે જણાવેલ ભાગવત સમ્બન્ધી પ્રવૃત્તિઓ સમ્પ્રદાય દ્રોહ સમાન છે :

-મૃતકના ઉદ્ધારાર્થે કરાતી ભાગવતકથા

-ફંડ-ફાળામાટે કરાતી ભાગવતકથા

-દાન-દક્ષિણા લઈને આજીવિકા અર્થે કરાતી ભાગવતકથા

-વક્તા-શ્રોતાના શાસ્ત્રીય (દ્વિજપણું) તેમજ સામ્પ્રદાયિક અધિકારનો વિચાર કર્યા વિના ગમેતેની સામે ગમેતે વક્તા દ્વારા કરાતી ભગવત્કથા

શાસ્ત્રોનો સાર નિષ્કામભાવે ભગવત્પ્રીત્યર્થ કોઈ પણ કાર્ય કરવામાં તેમજ ''સકામત્વં ડિમ્બનમ્'' સકામ અનુષ્ઠાનની નિન્દામાં હોવા છતાં ઉત્તમોત્તમ પદાર્થો ઉપલબ્ધ હોવા છતાં સુવ્વરને જેમ ઉકરડામાં જ સાર જણાતો હોય છે તેમ સાસાંરિક મનોવૃત્તિવાળા લોકો શાસ્ત્ર નિન્દિત તેમજ નિષિદ્ધ ઉપાયોમાં જ રુચિવાળા થતા હોય છે.

એક તરફ અતિ ઉચ્ચ નિરુપધિભાવ અને બીજી તરફ વર્તમાનમાં અત્યન્ત અધમ કક્ષાપર ઉતરી પડેલી સામ્પ્રદાયિક સાધનાપ્રણાલી દ્ર આ બે ધ્રુવો તરફ નજર નાખતાં પુષ્ટિભક્તિ-માર્ગની દષ્ટિમાં શ્રીભાગવતની સાધનરૂપતાનો વિચાર અત્યન્ત સાવધાની માગીલે તેવો છે.

ભાગવતનું સ્વરૂપ શાસ્ત્રરૂપ હોવાની સાથોસાથ આચાર્યચરણોની દષ્ટિમાં સાક્ષાદ્ ભગવદ્રૂપ હોવાથી તેનો પાઠ કરનારે કેટલીક સાવધાનીઓ રાખવી પણ પરમ આવશ્યક હોય છે. તે બાબતમાં શ્રીપુરુષોત્તમચરણ ''અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમાદરાત્, પઠનીયં પ્રયત્નેન સર્વહેતુ-વિવર્જિતમ્'' કારિકાની વ્યાખ્યામાં લખે છેઃ

> *''ભાગવત એ પુરાણ કોટિનું શાસ્ત્ર છે. પુરાણ હોવાથી તેનો પાઠ કરવામાં શાસ્ત્રીય મર્યાદાઓનું પાલન આવશ્યક છે. અન્યથા ''શ્રુતિ-સ્મૃતી મમૈવાજ્ઞે યસ્તે ઉલ્લઙ્ઘ્ય વર્તતે, આજ્ઞોચ્છેદી મમ દ્રોહી મદ્ભક્તોઽપિ ન મે પ્રિયઃ''વચનાનુસાર તેને ભગવદાજ્ઞાના ઉલ્લઙ્ઘનનો મહાપરાધ લાગે છે. આથી જેનો પુરાણપાઠમાં અધિકાર નથી તેવા સ્ત્રી, શૂદ્ર, અનુપનીત આદિએ ચતુઃશ્લોકીભાગવત, વેદસ્તુતિ જેવા*

*બ્રહ્મજ્ઞાનનું નિરૂપણ કરનારા શ્રીભાગવતના અંશોને છોડીને તેનો પાઠ કરવો જોઈએ''.*

આચાર્યચરણે તો મહતી કૃપા કરીને શ્રીભાગવતના સારભૂત શ્રીપુરુષોત્તમસહસ્રનામ સ્તોત્રની રચના કરી છે. તેના માટે આપ સ્વમુખે આજ્ઞા કરે છે **''સહસ્રં યૈસ્તુ પઠિતં પઠિતં સ્યાચ્છુકામૃતમ્''.** આથી, તેના પાઠને ભાગવતના પાઠ કરવા બરાબરજ સમજવોજોઈએ.

આટ-આટલા વિકલ્પ-અનુકલ્પો આચાર્યચરણે કૃપા કરીને આપ્યા હોવા છતાં ભગવદાજ્ઞા અને આચાર્યાજ્ઞા નો અનાદર કરીને ભાગવતના પાઠમાં અધિકાર ન હોવા છતાં જો કોઈ પોતાનો અધિકાર માની બેસે છે અને પાઠાદિ કરે છે તો તે ભાગવતમાં કહેલ ભગવદ્ભક્ત્યાદિ રૂપ ધર્મોનું આચરણ કરવામાટે પણ યોગ્ય નથી રહી જતાં ત્યારે ભાગવતના પાઠમાં તેઓનો અધિકાર ક્યાંથી હોય!

જે ભક્ત્યર્થી કે કૃષ્ણાર્થી છે તેને તો ભાગવતપાઠનો ઉપદેશ આપતી વખતે 'નિર્હેતુકમ્' 'અદમ્ભતઃ' 'સર્વહેતુવિવર્જિતમ્' જેવા નિષેધવચનો કહેવાની આવશ્યકતા જ રહેતી નથી અને જે લોકાર્થી કે અર્થાદ્યર્થી છે તેને ગમે તેટલા નિષેધ વચનો કહેવા છતાં કંઈ પણ ફરક પડવાનો નથી. આમ છતાં વૃત્યર્થ પુરાણપાઠની લોકપ્રસિદ્ધ પરમ્પરાને જોઈને કે કુલપરમ્પરાથી પુરાણપાઠદ્વારા આજીવિકા કમાનારી વ્યક્તિ પુષ્ટિભક્તિમાર્ગમાં દીક્ષિત થઈ હોય તે અથવા વિષમ પરિસ્થિતિવશ કે અજ્ઞાનાદિને કારણે કોઈ પુષ્ટિભક્તિમાર્ગી ક્યાંક આજીવીકાર્થ ભાગવત પાઠ-સપ્તાહાદિ કરવા લાગી ન જાય તે માટે **<u>આચાર્યચરણ શ્રીભાગવતનો આજીવિકામાટે ઉપયોગ ન કરવાની સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરી છે.</u>** અહીં એ ઉલ્લેખનીય છે કે જ્યારે-જ્યારે પણ ભાગવતપાઠ સમ્બન્ધિ નિરૂપણનો પ્રસઙ્ગ આવ્યો છે ત્યારે-ત્યારે ભૂલ્યા વિના આપે તેનો આજીવિકાર્થ ઉપયોગ ન કરવાની આજ્ઞા કરી છેઃ

**''વૃત્ત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ, તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્''**

**''એતદભ્યસનાત્લોકોમુચ્યતેઽનુપજીવનાત્''(સર્વનિ.૬૮)**

**''ઈદં નામાત્મકં ભગવતો રૂપં તત્ સ્વવિક્રેતરિ, વિક્રયાતિરિક્તં ફલં ન પ્રયચ્છતિ''.**

ભક્તિમાર્ગીના જીવનમાં ગુરુ, મોટી ઉંમરના વૈષ્ણવ, ભણેલા વૈષ્ણવ, ઘરનાં વડીલ, સઙ્ગી વૈષ્ણવ આદિ પાસે ભગવન્નામ-લીલાદિનું શ્રવણ કરવાનો અવસર અનેક વખત ઉપસ્થિત થતો જ હોય છે. તે જ પ્રમાણે અનેક વખત કોઈકની સમ્મુખ ભગવન્નામ-લીલાદિનું કીર્તન કરવાનો પણ પ્રસઙ્ગ પણ આવતો જ હોય છે. નિરન્તર ભેગા મળીને ભગવન્નામાદિનું શ્રવણાદિ કરનારા ભક્તોમાં જે વક્તા હોય છે તે ક્યારેક શ્રોતા બની જતાં હોય છે અને જે શ્રોતા હોય છે તે ઓ ક્યારેક વક્તા પણ બની જતાં હોય છે. આમ શ્રોતૃ-વક્તૃભાવમાં ઉલટા-સુલટું થયા કરતું હોય છે. ભગવન્નામ-લીલાદિના શ્રવણ-કીર્તન કરનારા

વક્તા-શ્રોતાઓએ એક-બીજાની બાબતમાં તેમજ પોતાની પણ બાબતમાં અધિકારાદિનો વિચાર કરવો આવશ્યક છે. આ વિષયનું સવિસ્તર નિરૂપણ આચાર્યચરણ વિરચિત પઞ્ચશ્લોકી, ભક્તિવર્ધિની, જલભેદ, પઞ્ચપદ્યાનિ, સર્વનિ.નિબ.નું સાધનપ્રકરણ તથા ભાગ. સુબોધિની આદિ ગ્રન્થોમાં જોઈ શકાય છે.

ભાગવત એ ભક્તિશાસ્ત્ર હોવાની સાથોસાથ પુરાણકોટિક શાસ્ત્ર પણ છે. તેથી તેના કથન-શ્રવણની બાબતમાં જલભેદ-પઞ્ચપદ્યાનિમાં જે સર્વસાધારણદૃષ્ટ્યા ભાગવતાનુસારી ભગવન્નામાદિના શ્રવણ-કીર્તનની બાબતમાં અધિકારનો વિચાર કરવામાં આવ્યો છે તેના કરતાં વિશેષ વિચાર અપેક્ષિત હોય છે.

અધિકારનો વિચાર સર્વ પ્રથમ આવશ્યક હોય છે. શ્રીશુકદેવજી પણ તે બાબતમાં કહે છે:

**પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્ય ઉત્તમશ્લોકલીલયા,**
**ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્**

હું બ્રહ્મના નિર્ગુણ સ્વરૂપમાં નિષ્ઠાવાળો હતો છતાં ભગવાનની લીલાઓએ મારું ચિત્ત ખેંચી લીધું, તેથી હું શ્રીભાગવત ભણ્યો.

આનો ગૂઢાર્થ વર્ણવતાં 'સુબોધિની' વિવૃતિમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ લખે છે:

હું ભણ્યો તે બાળકની માફક સમજ્યા વિના ભણ્યો એમ નથી, પરંતુ સમજીને ભણ્યો છું. પ્રથમ તો મેં મારા અધિકારનો વિચાર કર્યો કે મારે શ્રીભાગવત ભણવું કે કેમ. કેમ કે શ્રુતિ તો કહે છે ''આત્મલાભાત્ ન પરં વિદ્યતે''. બધા અધ્યયનનું ફળ આત્મલાભ છે. તે તો મને નિર્ગુણમાં એકનિષ્ઠતા હતી જ! તો પણ શ્રીભાગવતમાં મને રસ પડ્યો, તેથી તે રસનો મેં અનુભવ કર્યો. તે રસનું અપ્રાકૃતપણું જાણ્યું ત્યારે જેમ બ્રહ્મમાં લીન થયેલ જ્ઞાની સમાધિને કરવા બેસતો નથી તેમ હું પણ બ્રહ્મરસ કરતાં અધિક રસને લઈને ભગવદ્ગુણોએ મારું ચિત્ત ખેંચ્યું તેથી હું શ્રીભાગવત ભણ્યો. ...કૂવામાંનું જળ તેમાં ડૂબે તેને સ્વાદનો અનુભવ કરાવતું નથી પણ જે તેને કાઢીને પીએ છે તેને કરાવે છે તેમ ભગવાન આનન્દમય છે, તેમાં જીવ લીન થાય તેને એવો ભગવદ્રસનો સ્વાદ ન આવે કે જેવો સ્વાદ ભગવાન સામે પ્રકટ થઈને નૃત્યાદિ કરે તો આવે. બ્રહ્મમાં તે રસ અપ્રકટ છે, ભગવાન્ પ્રકટ થઈને લીલા કરે છે ત્યારે તે રસ પ્રકટ થાય છે. અપ્રકટ રસની આશા રાખીને બેસવું તેના કરતાં હમણાં જ તે રસનું પાન કેમ ન કરવું એવા વિચારથી મારું ચિત્ત લીલામાં લાગ્યું તેથી હું શ્રીભાગવત ભણ્યો.

તેથી જ આચાર્યચરણ પણ આજ્ઞા કરે છે: **'' અધિકારમ્ આભિપ્રાયં જ્ઞાત્વા ભક્તમુખેન હિ, સકૃચ્છ્રવણમાત્રેણ કૃષ્ણે પ્રેમ ભવેદ્ ધ્રુવમ્''**. ભાગવતનું શ્રવણ વક્તાનો અધિકાર જાણ્યા પછી કરવું જોઈએ. વક્તા ભગવદ્ભક્ત હોવો જોઈએ. ભાગવતાના તાત્પર્યનું જ્ઞાન થાય તે રીતે શ્રવણ કરવું જોઈએ. શ્રોતા વૈરાગ્યવાળો હોવો જોઈએ.

ભાગવતાર્થ નિબન્ધમાં પણ ભાગવતી ચર્ચા જેમ-તેમ જ્યાંત્યાં કરવાનો આચાર્યચરણ નિષેધ કરે છે. ''તીર્થવાસનિરત શુદ્ધભાવવાળા શ્રોતાઓ વારંવાર જિજ્ઞાસા-પ્રાર્થના કરે ત્યારે ભાગવતનો ઉપદેશ કરવો જોઈએ. શ્રોતાની પ્રાર્થના પણ યદિ શુદ્ધ ભાવે ન હોય તો જાણતા હોવા છતાં વકતાએ તેની સામે પોતાના જ્ઞાનનું પ્રદર્શન ન કરતાં ચુપ રહેવું જોઈએ''.

આ દષ્ટિથી જોતાં તેમજ ભાગવતના પાઠાદિ લૌકિક કે પારલૌકિક હેતુથી ન કરવાની મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની નિષેધ આજ્ઞાનો વિચાર કરતાં સ્વજનના મૃત્યુ પાછળ તેમના ઉદ્ધારાર્થે કે ફંડફાળા ભેગા કરવા કે આજીવિકાર્થે થતી ભાગવતસપ્તાહ સિદ્ધાન્તવિરુદ્ધ સિદ્ધ થાય છે.

ભાગવત એ ભક્તિશાસ્ત્ર છે, ભગવચ્છાસ્ત્ર છે. તેથી તેનો પાઠ, અધ્યયન આદિ ભક્તિની દઢતામાટે, ભક્તિની વૃદ્ધિમાટે કે ભગવત્પ્રીત્યર્થ જ થવો જોઈએ. બીજાઓની દષ્ટિમાં જે કંઈ પણ હોય પરન્તુ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની દષ્ટિમાં તો ભગવદ્રૂપ ભાગવતનો ફક્ત એક જ ઉપયોગ છે અને ફક્ત એક જ તેનું માહાત્મ્ય પણ છે અને તે છે : **ભગવદ્ભક્તિ**. તેથી આ સિવાય ઉપરોક્ત કે બીજા કોઈ પણ હેતુ માટે ભાગવતની કથા-પાઠ-પ્રવચન-વાંચન થાય છે તે શ્રીમહાપ્રભુજીની દષ્ટિમાં ભાગવતનો દુરુપયોગ છે, ભાગવતનો તિરસ્કાર છે, ભાગવતને અભડાવવું છે. આવું કરનાર સમ્પ્રદાયના સિદ્ધાન્તમાં પોતાની અશ્રદ્ધા પ્રકટ કરે છે. તેને ગુરુઆજ્ઞાના ઉલ્લંઘનનું પાપ પણ લાગે છે. તેનો પુષ્ટિભક્તિમાર્ગથી અધઃપા તથાય છે.

**શ્રીભાગવતની ફળરૂપતાઃ**

આટલા નિરૂપણ પછી ભાગવતની ફલરૂપતામાં કદાચજ સન્દેહ થઈ શકે છે. ભાગવતની ફલરૂપતા તેની ભક્તિપ્રાપકતામાં રહેલી છે. આચાર્યચરણ સુબોધિનીના મંગલાચરણમાં લખે છેઃ **''ભક્ત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમર્થે પુનઃ''**. ભાગવતાર્થનિબન્ધમાં આપ આજ્ઞા કરે છેઃ **''ભાગવતસ્ય ફલં સાક્ષાદ્ ભગવત્પ્રવેશઃ, સર્વસન્દેહરાહિત્યં, ભગવત્કૃપા, સર્વત્ર નિર્ભયત્વં, પરમપ્રેમ ચ''.**

આ પ્રકારે ભાગવતની પ્રમાણ-પ્રમેય-સાધન-ફલરૂપતાનું પ્રતિપાદન થયું.

શ્રીભાગવત આવું સમર્થ શાસ્ત્ર હોવા છતાં તેમજ ભક્તિમાર્ગીય સાધન અને ફલ સર્વોત્કૃષ્ટ હોવા છતાં કેમ બધા લોકોની પ્રવૃત્તિ તેમાં થતી નથી તેનું કારણ જણાવતાં આચાર્યચરણ લખે છેઃ ''કલિકાલમાં મોહકશાસ્ત્રો જ માન પામે છે. માયાવાદાદિ મોહક શાસ્ત્રોના પ્રચારને કારણે લોકોની બુદ્ધિ મલિન થઈ જતી હોય છે. ભગવત્કૃપાથી જો તે દૂર થાય ત્યારે ભાગવત શાસ્ત્રમાં વિશ્વાસ થાય અને ત્યારે સત્ફલની પ્રાપ્તિ થાય''(શા.પ્ર.પર).

પુરાણાન્તરમાં ભાગવતની મહિમા વર્ણવતા કહેવાયું છેઃ

**'' કથં સ વૈષ્ણવો જ્ઞેયઃ શાસ્ત્રં ભાગવતં કલૌ, ગૃહે ન તિષ્ઠતે યસ્ય શ્વપચાદધિકો હિ સઃ''**

આ ઘોર કલિકાલમાં જેના ઘરમાં ભાગવત ન હોય તેને વૈષ્ણવ કેમ માનવો! તેને તો ચાંડાલ કરતાં પણ હીન સમજવોજોઈએ.

**''શતશોઽથ સહસ્રૈશ્ચ કિમન્યૈઃ શાસ્ત્રસઙ્ગ્રહૈઃ, ગૃહે ન તિષ્ઠતે યસ્ય શાસ્ત્રં ભાગવતં કલૌ''**

અન્યાન્ય અનેક શાસ્ત્રગ્રન્થોને સંઘરવાથી શું જો ઘરમાં ભાગવતશાસ્ત્ર જ ન હોય!

**કિઞ્ચિત્ પ્રાસ્તાવિકઃ**

પ્રસ્તુત ગ્રન્થમાં, શ્રીભાગવત પુરાણના દશમસ્કન્ધ આધારે કરવામાં આવેલ, શ્રીકૃષ્ણચરિત્રના કચ્છી પદ્યાનુવાદનું પ્રકાશન કરવામાં આવ્યું છે. પદ્યાનુવાદક છે : કચ્છના ગામ : હમલા-મંજલ નિવાસી શ્રીખાનજી દેવાજી જાડેજા.

શીઘ્ર કવિત્વનું સામર્થ્ય આપને ઈશ્વરીય વરદાનમાં મળેલ છે. ગુજરાતી તેમજ કચ્છી ભાષા માં દોહા-છન્દ બદ્ધ આપની અનેક કૃતિઓનું પ્રકાશન થયેલ છે. ભગવાને કહેલા પ્રિય ભકતના **''નિર્મમો, નિરહંકારઃ, સન્તુષ્ટઃ સતતં, યોગી, યતાત્મા, દૃઢનિશ્ચયઃ, મય્યર્પિતમનોબુદ્ધિઃ, હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તઃ, અનપેક્ષઃ''** આદિ ગુણો આપના સરળ-સૌમ્ય વ્યક્તિત્વમાં દેખાઈ આવે છે.

પુષ્ટિમાર્ગ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિનો માર્ગ છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના મતે શ્રીભાગવત મહાપુરાણ શ્રીકૃષ્ણભક્તિનું સાંગોપાંગ નિરૂપણ કરનારું શાસ્ત્ર છે, શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. આજીવિકા-ફંડ-ફાળા-સન્તાનાદિની **લૌકિક** કે સ્વર્ગ-મોક્ષાદિની **પારલૌકિક** કોઈ પણ પ્રકારની કામના એ નિરુપાધિક પુષ્ટિભક્તિમાં સૌથી મોટું દૂષણ માનવામાં છે. આવા દૂષણથી રહિત, ફક્ત ભગવત્પ્રીત્યર્થે જો શ્રીભાગવતનું કોઈ કાર્ય થતું હોય તો તેમાં સહભાગી થવામાં કોઈ પણ પુષ્ટિભક્તિમાર્ગી પોતાનું સૌભાગ્ય સમજશે. શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ પણ આવીજ લાગણીથી આ ગ્રન્થના પ્રકાશનમાં પ્રવૃત્ત થયું છે.

અન્તે, ગ્રન્થના લેખકમાં તથા સહુ વાચકોમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યે નિરુપાધિક ભક્તિભાવ ઉદિત તેમજ વૃદ્ધિંગત થાય એવી શુભેચ્છા સહ...

વિક્રમ સંવત્ : ૨૦૭૦ — **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**
શ્રીવલ્લભાબ્દ ૫૩૬ — શરદ્ ગોસ્વામી (માંડવી-કચ્છ)

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| લેખક જી આધીંનતા | | ૧ |
| કૃષ્ણજીવન ઝરમર | | ૩ |
| સર્વ દેવોની પ્રાર્થના | | ૬ |
| ચોવીસ અવતાર વંધના | | ૯ |
| અધ્યાય ૧ | શ્રીકૃષ્ણજે પ્રાકટ્યજો કારણ | ૧૧ |
| અધ્યાય ૨ | ભૂતળપેં પ્રકટ થીયેંજો શ્રીકૃષ્ણજો ઉદ્યમ | ૧૫ |
| અધ્યાય ૩ | શ્રીકૃષ્ણે કરેલો રૂપાન્તરજો સ્વીકાર | ૧૮ |
| અધ્યાય ૪ | માયાજો કાર્ય, ધર્મજો નાશ ને ભકતકે દુઃખ | ૨૦ |
| અધ્યાય ૫ | નન્દોત્સવ | ૨૩ |
| અધ્યાય ૬ | પૂતનામોક્ષ | ૨૭ |
| અધ્યાય ૭ | શકટાસુર ને તૃણાવર્ત જો ઉધાર, વિશ્વદર્શન | ૨૯ |
| અધ્યાય ૮ | ગર્ગાચાર્ય નામકરણ કરીંતા | ૩૨ |
| અધ્યાય ૯ | જસોદાકે શ્રીકૃષ્ણકે સ્વરૂપજો જ્ઞાન | ૩૫ |
| અધ્યાય ૧૦ | નારદજીજે સરાપરૂપ ભગવદ્વૈરાગ્યજો નિરૂપણ | ૩૮ |
| અધ્યાય ૧૧ | નન્દરાયજી ભક્તિ | ૪૦ |
| અધ્યાય ૧૨ | અઘાસુર ઉધાર | ૪૪ |
| અધ્યાય ૧૩ | ભ્રહ્માજી વાછડાં હરીતાં | ૪૬ |
| અધ્યાય ૧૪ | ભ્રમાજી શ્રીકૃષ્ણજી અસ્તુતી કરીંતા | ૪૯ |
| અધ્યાય ૧૫ | ધેનુકાર ઉધાર | ૫૨ |
| અધ્યાય ૧૬ | કાલિયનાગજો દમન | ૫૫ |
| અધ્યાય ૧૭ | શ્રીકૃષ્ણજો દાવાગ્નીપાન | ૫૮ |
| અધ્યાય ૧૮ | પ્રલમ્બજો વધ | ૬૦ |
| અધ્યાય ૧૯ | બયી વખત દાવાગ્નીજો પાન | ૬૧ |
| અધ્યાય ૨૦ | વરસા–સરદ રુતુજો વર્ણન | ૬૩ |
| અધ્યાય ૨૧ | ગોપીગીત | ૬૫ |
| અધ્યાય ૨૨ | કાત્યાયની વ્રતજી કથા | ૬૭ |
| અધ્યાય ૨૩ | યજ્ઞપત્નીજો ઉધાર | ૬૯ |
| અધ્યાય ૨૪ | ઈન્દ્ર જગનનો ભંગ | ૭૨ |

| | | |
|---|---|---|
| અધ્યાય ૨૫ | ઈન્દ્રમાનભંગ | ૭૪ |
| અધ્યાય ૨૬ | ગોપનજે અજ્ઞાનજો નિવારણ | ૭૬ |
| અધ્યાય ૨૭ | ઈન્દ્ર–સુરભી ભગવાનજો અભિસેક કરીંતા | ૭૮ |
| અધ્યાય ૨૮ | ગોપનકે ભગવાન્ વૈકુંઠ બતાયીંતા | ૮૦ |
| અધ્યાય ૨૯ | ભગવાનજી ગોપીનતેં અત્મક્રીડા | ૮૩ |
| અધ્યાય ૩૦ | ગોપીનજો વિયોગ | ૮૯ |
| અધ્યાય ૩૧ | ગોપીગીત | ૯૧ |
| અધ્યાય ૩૨ | ગોપીનજો રુદન ને ભગવાનજો પ્રાકટ્ય | ૯૨ |
| અધ્યાય ૩૩ | રાસલીલા | ૯૨ |
| અધ્યાય ૩૪ | શંખચૂડ ઉધાર | ૯૯ |
| અધ્યાય ૩૫ | યુગલગીત | ૧૦૨ |
| અધ્યાય ૩૬ | અરિષ્ઠાસુર ઉધાર | ૧૦૪ |
| અધ્યાય ૩૭ | કેસીજો ઉધાર | ૧૦૬ |
| અધ્યાય ૩૮ | અક્રુરજી વ્રજયાત્રા | ૧૦૯ |
| અધ્યાય ૩૯ | મથુરાજી તૈયારી | ૧૧૧ |
| અધ્યાય ૪૦ | અક્રુરજી અસ્તુતી | ૧૧૫ |
| અધ્યાય ૪૧ | મથુરા પ્રવેસ | ૧૧૭ |
| અધ્યાય ૪૨ | ધનુષભંગ ને કુબ્જા જી ગાલ | ૧૧૯ |
| અધ્યાય ૪૩ | કુવલયાપીડ ઉધાર | ૧૨૨ |
| અધ્યાય ૪૪ | કંસવધ | ૧૨૫ |
| અધ્યાય ૪૫ | માતા–પીતાકે છોળયેંતા | ૧૨૮ |
| અધ્યાય ૪૬ | ઉધવ વ્રજમેં | ૧૩૨ |
| અધ્યાય ૪૭ | ભ્રમરગીત | ૧૩૫ |
| અધ્યાય ૪૮ | શ્રીકૃષ્ણ કુબ્જા ને અક્રુરજે ઘરે | ૧૪૨ |
| અધ્યાય ૪૯ | અક્રુર હન્તીનાપુરમેં | ૧૪૫ |
| અધ્યાય ૫૦ | જરાસંધજી કથા | ૧૪૭ |
| અધ્યાય ૫૧ | કાલયવન ને મુચુકુંદ રાજા | ૧૫૩ |
| અધ્યાય ૫૨ | જરસંઘને કૃષ્ણજો ફરી જુધ ને કૃષ્ણ ધ્વારીકામેં | ૧૫૮ |
| અધ્યાય ૫૩ | રુક્મણી હરણ | ૧૬૨ |

| | | |
|---|---|---|
| અધ્યાય ૫૪ | શીશુપાલજો જુધ ને લગ્ન | ૧૬૭ |
| અધ્યાય ૫૫ | પ્રદ્યુમ્નજો જનમ | ૧૭૩ |
| અધ્યાય ૫૬ | મણીજી વારતા | ૧૭૭ |
| અધ્યાય ૫૭ | સતધન્વા ઉધાર | ૧૮૦ |
| અધ્યાય ૫૮ | હન્તીનાપુરા જાત્રા ને કૃષ્ણજા લગન | ૧૮૩ |
| અધ્યાય ૫૯ | ભૌમાશુર ઉધાર | ૧૮૭ |
| અધ્યાય ૬૦ | રુક્મીણીસે ભગવાનજો પરિહાસ | ૧૯૧ |
| અધ્યાય ૬૧ | શ્રીકૃષ્ણ સંતતી વર્ણન | ૧૯૫ |
| અધ્યાય ૬૨ | ઓખા હરણ | ૨૦૦ |
| અધ્યાય ૬૩ | બાણાસુર યુધ | ૨૦૪ |
| અધ્યાય ૬૪ | નૃગ આખ્યાન | ૨૦૮ |
| અધ્યાય ૬૫ | બલરામજી વ્રજજાત્રા | ૨૧૨ |
| અધ્યાય ૬૬ | પૌંડ્રક ને કાશીરાજ ઉધાર | ૨૧૬ |
| અધ્યાય ૬૭ | દ્વિવિદ વાનર ઉધાર | ૨૧૯ |
| અધ્યાય ૬૮ | કોરવે મથા બલરામજો કોપ | ૨૨૨ |
| અધ્યાય ૬૯ | નારદજી જોયેલી ભગવાનજી દંનચર્યા | ૨૨૮ |
| અધ્યાય ૭૦ | શ્રીકૃષ્ણજી દ્વારિકામેં દંનચર્યા | ૨૩૧ |
| અધ્યાય ૭૧ | શ્રીકૃષ્ણ હસ્તીનાપુર વનેજી તૈયારી કરીંતા | ૨૩૫ |
| અધ્યાય ૭૨ | રાજસુય જગન ને જરાસંધ જો ઉધાર | ૨૪૦ |
| અધ્યાય ૭૩ | રાજાનજી મુક્ત ને દ્વારીકા રવાના | ૨૪૫ |
| અધ્યાય ૭૪ | રાજસુય જગનમેં શીસુપાલજો વધ | ૨૪૮ |
| અધ્યાય ૭૫ | જગન પુરાણ, દુર્યોધનજે અપમાન | ૨૫૩ |
| અધ્યાય ૭૬ | યાદવ–સાલ્વ જુધ | ૨૫૬ |
| અધ્યાય ૭૭ | સાલ્વજો વધ | ૨૫૯ |
| અધ્યાય ૭૮ | દંતવક્ર–વીદુરથ જો ઉધાર | ૨૬૩ |
| અધ્યાય ૭૯ | બલ્વજો નાશ | ૨૬૬ |
| અધ્યાય ૮૦ | સુદામા ચરીત્ર | ૨૭૦ |
| અધ્યાય ૮૧ | સુદામા ચરીત્ર | ૨૭૯ |
| અધ્યાય ૮૨ | શ્રીકૃષ્ણ ને બલરામ સાથે પુનઃ મીલન | ૨૮૩ |

| | | |
|---|---|---|
| અધ્યાય ૮૩ | ભગવાનજી રાણીયને દ્રૌપદી મીલન-સંવાદ | ૨૮૯ |
| અધ્યાય ૮૪ | વાસુદેવ જગન જો આરંભ કરીતા | ૨૯૩ |
| અધ્યાય ૮૫ | ભગવાન દેવકીજીજે મૃતપુત્ર પાછા ગની અચેતા | ૨૯૯ |
| અધ્યાય ૮૬ | સુભદ્રા હરણ | ૩૦૪ |
| અધ્યાય ૮૭ | વેદ અસ્તુતી | ૩૧૦ |
| અધ્યાય ૮૮ | શીવજી સંકટ મોજન | ૩૧૪ |
| અધ્યાય ૮૯ | ત્રણે દેવોની પરીક્ષા, બ્રામણસુતને જીવાળવું | ૩૧૮ |
| અધ્યાય ૯૦ | શ્રીકૃષ્ણજી દ્વારીકાલીલા | ૩૨૪ |

# શ્રીમદ્ ભાગવત પુરાણ દશમ સ્કંધ આધારીત
# શ્રીકૃષ્ણ ચરીત્ર પદ બંધ કચ્છી ભાષામાં
# સબ્ધ કચ્છી ભાષા

લગે અગળને વગર અખર, કુછણમેં કળાકે કેળી
જીય વદરમેં વન વરાકો, ચળે જ ભાન તે તેડી.
વતનકે અતરી વલી, ક્યાં હીયેજો હાર
સત પેઢીયુ બાર રયાં, ઉતપ કચ્છી ઉચાર.
આલમમેં મણીઆ મઠી, બોલી બાબાણી
સંધ સોરઠને કચ્છમલી, થઈ ત્રીસે જાળાણી.

### વાર્તા લખેજી તથ

સંવંસ ૨૦૫૬ શાલ, ચૈતર સુદ બીજ બુધવાર
કૃષ્ણ કથાજો આરંભ કરીયા, ગોણસેજો ધ્યાન જ ધરીયા.
સરસતીમાં વાણી તે વીજા, જભાનમે જોર જ દીજા
ગુણીઅલ આર્યાં ગુણજા ભંઢાર, દેવ વડા દાંની દાતાર.
તેજી ગુજજી ગાલ લખાતો, સદગુરુજો શરણ મંગાતો
અતરી મુજી આયા અરજી, ઈ મુળી અય આંજે ઘરજી.
દયા કરીને દીજા દાન, સરગમ સરજે સીધી જભાન
દાસ જાડેજાજી અય હથજોડ, દયા કરી દીજા રણછોડ.

# લેખક જી આધીંનતા

પહેલા અન જો પુજન કરીયા, સુઢાડે જો ધ્યાન જ ધરીયા
સમરણ કરીયા સારધ માય, આંજે ચરણે શીસ નંમાયા.
શ્રી ગુરુ વર ગુણ ગંભિર, જ્ઞાન દજિ ધલમેં ધીર
માતા પિતા કે કરીયાં યાધ, જેં જા ગુણ અયીં અગાધ.
કુળ દેવ આંયી સાંય કરીજા, મુંજી મંગંણી પુરી કરીજા
હુંન જગ્જો જીવન આધાર , દેવ વદો થ્યો ઈ સાકાર.
જાધવ કુળ મેં જનમ ગનીને, આયો ઈ અવતાર ધરીને
તેજીં લીલા લખણી આય, મળે મલીને કઈજા સાંય.
આંઉ ઐયાં અભણ મતી મંધ, નાય કેયો સાસ્ત્રે જો સંગ
જી લવણ જી પુતરી નકરયી, ધરીયા જો તર નેરણ ઉપળઈ.
તેળી જ ગત તાં મુંજી આય, તોય લખણજી ઈછા અય
ક્વી નંયાં નાય ભણયો પાઠ, તોય નતો રોવાજે માંઠ.

ક્વી ચોવાજે જગમેં સે, જેં કે જરા વધપ નં વે
ક્વી જગમેં માણીઆ વડા, ક્વીયે મેં વેં ગુણજા ગદા.
માજંન સે સંમજે પડ પીર, દાતા શુર વે રણ મે ધીર
મંન વસ સે મણીઆ બળવંત, કરુણા ધલમેં સચા સંત.
રાજ કારણ જી રીત જ જાણે, આલમ તાં તેં કે જ વખાણે
જતરા જગમેં ગુણ ચોવાજે, ગુણ વારા જત તત પુજાજે.
ઈ ગુણ તાં મું મેં કો નાય, વડો ભનેજી ખાંખત આય
જન ઘટી જી ખબર પ નાંય, ઉનં માગ તે વનણું આય.
રામ ભજેયા ઈ થ્યા સુખીયા, રામ થી પરેયા ઉનર દુખીયા
કામી જગમેં મણીઆ અંધ, ખોટો ખેં ઈ જમજે બંધ.
પાપી પુરા નંધ્યા કરીયે, અપોચીઆઉ ઈરસા કરીયે
લોભી લુગળ મણીજા મુર, પઈ પઈ સેલા કુટીયે કુળ.
અવગુણ તાં ચોવાજે જતરા, વેદ પુરાણ વતાયાં અતરા
ઉ અવગુણ મળે મુંમે અયીં, વસારજા વાલંમ આયી.
આંઉ અયાં અજ્ઞાની અજાણ, લખણા અયીં આજા વખાણ
અતરો મરમરો મુંજે મંનમે, જનમ દનાં આજે કુળમે.
ઈ જ વિચારે કલમ ઉપાળયી, આંમે પુરી કરુણા ન્યારયી
આંજે ખજાને નાંય કી ખોટ, સંબંધે જી ભરતી નાંય ખોટ.

આંયી ગુંગે કે ર્ક્યો વાચાળ, પંડીત પોત્રા મોજા લાચાર.
ઈ ચાવી આય આંજે હથમેં, સોંપે ડનાં આંયી પાતર કે.
શ્રી હરી લખાતો આજા વખાણ, ધોડી જલણા ઉગધા ભાંણ
મુરાધ મનજી પુરી કરીજા, મુંજી આરજી ઉર ધરીજા.
ખોલ્યો મુંજી ધલજા ધ્વાર, ક્રપા કરેયો કેશવ કરતાર
છેલે કરીયા તો હથજોડ, જાડેજા જગ જય રણછોડ.

**દોહરા**

ઉભરો ચવ્યો અંધર મજા, ઈ ઉછરી નકરયો બાર
સબધ સરી પ્યા સામટા, ઈ મંજજી મંજ ભભકાર.

**ગીતા**

યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત
અભ્યુત્થાનમધર્મસ્ય, તદાત્માનં સૃજામ્યહં

*જદે જદે હંન અવની મથે, આસુરી વૃતી વધેતી અનં પોવા અનજો હકળો જ કારણ ક કૃષ્ણ જે સજો જીવન જ ન્યારોત. ખરા જતરા સાસ્ત્રે મેં માડુજા, લખણ ચોવા જેતા ઈ મળે જ કૃષ્ણ મેં વા શીલ સંતોસ, સદાચાર શક્તિ સૌદર્ય સહન. સીલતા ઈ સર્વોતમ ગુણે જો, ભંઢાર ઈ હુવા ઈ ચોણું જ પે જે જી વિલક્ષણ બુધી રાજ નીતી, ચરીત્ર નાયક એળો બ્યો કોય. પણ હન પટ મથે પેધા નાંય થેઓ, જેં જા મન મસ્તીક કર્મ ક્રતવ્ય જે ક્ષેત્રે મે સર્વોચય ઉત્કર્ષ, જા ઈ પ્રતીક વા ભારત. જે સજે સાહિત્ય મેં સંસ્કતી મથે, શ્રી કૃષ્ણ જો પ્રભાવ ન્યારેયો અતુલીની અય ઈ સંસ્કતી જા, પ્રાણ સ્ત્રોત્ર વા તદેજ ઈ. અજ તંયી અન અવતાર જો, પ્રભાવ બે કદા કેં મે ન તો ડશાજે ભગવાન શ્રી કૃષ્ણ યુગ ત્રાતા અને, રાજનેતા જવા ન્યારેયોત. પંઢજી અતુલ શક્તિ બુધી જો, બર મેં અદવેત્વ જવા તન વખત મેં સજે ભારત મેં, સતા જા સાવ ટુકરા થઈ વ્યા વા. રાજા અધમી વા ભારત મેં ક્ત, નીતી જી નીશાની ન વચી એની મણી કે સમોળા કરે, અખંડ ભારત સાર્વ ભોમ ભનાંય. ને પાત્ર જુકો વા તે કે સતા સોંપે, ડનાંવા ઈ ચોખો અજ પાંકે દસાય તો કેજી પણ પગ જમીન, પંઢ ધબાયા નવા પંઢતા. દરીયા મેં દવારીકા વસાયા વાં અંન વારીકા જો વર્ણન અનજી સાયભી અજ તયીં વખણા જે તી. યાદવે જી તાકાત તેની હંન ધરા મથે અજોડ હુયી જેં જો દંકો સજે દેસ મે વગોતે યાદવ અજીત વા કોય પણ સતા તેની એડી અસ્તીત્વ મે નં વઈ જીકો યાદવે કે જીતી શકે. યાદવ મળે દેવ જ વા, ભગવાન જે આદેસ સેંજ મળે તેની અવતાર યાદવ કુળમેં ઘણા વા, ઈ સજી વારતા ભાગવત પુરાણ જે દશમ સ્કંધ મેં પેલે અધ્યાય મેં દશા જેતી બ્યો ઈ જ ન્યારો રામા અવતાર મેં પણ દેવ મળે વાનર રૂપ અવતરેયા વા ને રામજી બોરી જ સેવા ક્યાં વા તે જો ભધલો કૃષ્ણા અવતારમેં દેવે કે દનાં જેં જે સુખજી પણ હધ હુઈ અજતયી વખણા જે તી. અને છેલે ભગવાનજી લીલા ત ન્યાર્યો અર્જુન કે ગીતા જો ઉપદેશ દયી મહાનતા ભનાયા પણ પાલા હન જગલા કરે હકળી અજોડ જ્ઞાન જો ભંઢાર ગીતા ને બ્યો ઉધવ કે અંત મેં જુકો બોધ દનાં એકાદસ સ્કંધ મેં વર્ણાશ્રમ જા ધર્મ માનવ ધર્મ ઈશ્વર*

*આતંમ જી ઓળખ ભાકી વણશ્રમ શ્રણ પુજા ધ્યાન સમાધી છેવટ જીવ જગત મેં સફર પુરી કરે અંતીમ છેલે ટાંણે મુકિતયી સમજાયા અયી. પંઢજી ઓળખ અતરે જીવ સજીવ મે આતમાં ઈ જ બ્રમ વતાયા અયા અતરે કોય પણ જીવ જીવલા કરે કૃષ્ણ જા વિચાર ત ન્યારેયો રુગા જીવ ન પણ ઝાડ પન રજ કણ કણમેં ઈશ્વર વતાયા અયા એળો અમુલ જ્ઞાન જો ભઢાર પંઢ જગલા જીવેલા વતાય ને છે લે પંઢ પ્રાચી જે પપર વયી લીલા પુરી કરીયેતા ને ઉતે છેલે વતાયેતા ક હી દશા જે તો નજર મેં ઈ મળે નાસવંત હકળો આતંમ જ અમર અય.*

## કૃષ્ણ જીવન ઝરમર

## રાગ : બહાર

અશુર વધેયા અવની તેં જેની, અધમ કેયા એની અણધારીયી
તડે અલખ પુરુસ આયો અવનીતે, ધરે અવતાર ઈ અસુરારી. અશુર
ભારત મેં જતરા થ્યા ભગવંત, તેં મેં કૃષ્ણજી લીલા ન્યારી
રામ રાજય જી ટુટી પરંપરા જડે, ટુટણ લગી સંસ્કતી સારી. અશુર
નીરાકાર સાકાર થયી આયો, યાધ રખેં યાધવ કુળ ભારી
તપધારી ઉ જનમ જનમ જા, વચન દનાવા ઉ સંભારી. અશુર
બાળ ભની ભ્રંમ આયો ભલે પણ, વર્તન કેયા વયી વિચારી
જગમેં જતરા ગુણ જ ચોવા જે, ઈ મળે ઓતાર્યા મોરારી. અશુર
શીલ દયા સંતોસ સુગળતા, ધીર વીર ધીરજ ધારી
સ્યામલ મુરતી ગગન ગંભીરા, સાયર જેળા જળ વારી. અશુર
સૌદર્ય શક્તિ સહન સીલતા, સામ દામ દંડ ભેદ જ ધારી
કરુણા સાગર પ્રેમ જી મુરતી, બાળ યોગી ઈ બ્રમચારી અશુર
યુગ ત્રાતા જગદીશ્વર જગમેં, બળ બુધી વિલક્ષણ ભારી
ક્તરા કમ અની કપરા કઢેયા, મારગ જા જનીં મનહારી. અશુર
માત્રુ દેવો ભવ સંસ્કતી પાંજી, જીંની છદેયા વા સાવ વસારી
કંસ રાજા જો દાખલો ન્યાર્યો, પીતા પુરેવે જેલ મંજારી. અશુર
જરાસંઘને કંસ શીસુપાળ, કુટણે જી હુયી સીતારી
ધર્મ્ર મરજાદ જદે જદે, અવની હુઈ તેની દુખીયારી. અશુર
તદે ક્રતવ્ય પરાયણ ચેતના જાગઈ, ઉથી ઉભા થ્યા અસુરારી
યુગ નેતા શ્રીકૃષ્ણ ભનીને, આયા અવની અવતારી. અશુર
પેલા પતાયા કંસ જરા સંઘ, સાર્વ ભોમ કે દનાં સુમારી
વ્રતી આસુરી જો થંભ ઘસેને , ધરંમ જી કેયાં જે જે કારી અશુર

## શ્રી કૃષ્ણ ગુણ ગાથા, ચોપાઈ

ભારત જા ઈ ભાગ્ય વધાતા, ભોગોલીક પ્રકૃતી જા નીર્માતા
સંસ્કતી કે જીવન દયીને, બજ પોખ્યા ગૌરવ જા વઈને.

ચરીત્ર જા મંજ ખાતર પુર્યા, ધર્મ નીતી જા અંમ્રત સીરંયા
અનુપ સૌરભ પુસ્પ ભનાઈ, ધર્મ રાજા કે રાજ ઈ સોપ્યા.
રાજસુય વની યજ્ઞ કરાયા, સાર્વ ભોંમ જી સતા વેરાયા
અખંડ ભારત જે સભા પર્વ મે, ચોખો દસાજેતો યજ્ઞ મંડપમે
સૌર્ય ઉદાર બુધી બળ તેજસ, વદા ભનાંયા ભુપેમે સર્વસ
ભીસ્મ પીતા ગોસીત કરીંતા,વિજય માળ કંઠ મે ધરીતા
પાદં વે કે અત વયી સમજાયા, શક્તિ સાળી સંગ ભનાયા
જત અધંર્મ અનીતા જા વા અખાળા, કોરવ કીચક કેયાતે બખાળાં
તેં કે ધબે ને ધરા છોળાયા, અકળે હથ ઈ રાજા ભંનાયા
સજે જગજી સંસ્કૃતી ન્યાર્યો, મણી કૃષ્ણ જો કંમ વખાણ્યો
અન્યાયી જા મુળ જ કઢેયા, ન્યાય નીક્ષીજો થંભ જ બધેયા
જે જે જીવન મે હકળો ધે વો સે અની પુરો ક્યાં

**રાગ : ધનાશ્રી**

એળા સંતેજા હીત કારી, ભગવન સંતે જા હીતકારી
કુટુંભ કંભીલે જી છદે મો મંમતા, વેલા દંનાઈ વસારી એળા સંતજા
જાધવ કુળ જગમે મા બળીઓ, જે જી કીરતી જગમે ભારી
તેં કે દશી મધ મેં મન મોહન, સરમાણા અલગારી. ભગવંત...
અવરા પાઠ ભણાયા પંઢ વયી, નાવયી કેં કે અણસારી
ભ્રામણે તેં તા ભધ ચળાયા, ભુધર ભુતળ ભારી. ભગવંત...
રાષ્ટ્ર ભક્તિ નેં જન કલ્યાણે, અજોડ સેવા જે જી ન્યારી
દીન દુખીયે જો રક્ષણ કેલા વઠાનયી પંઢ પગ વારી. ભગવંત...
મહાભારત જે પંને પંને જો, વાચંન કર્યો વીચાર
તડેજ સમઝણ પે સજે જીવનજી, અકલ પુરુસ ઈ અવતારી
ભગવંન સંતેજા હીતકારી

**ચોપાઈ. સ્વભાવ વર્ણન**

એળા કૃષ્ણ પ્રભુ અલગારી, જે જી ગાથા સદા સુખકારી
કદે ઉદાસ અકળ નં દસજે, હરયા ફરંધા ખલંધા દરાજે
જેં જો જીવન જગ કારણ, રાજ નીતી ને ધરમ જ સ્થાપન
અન વૃત કે ઈ પુરો નભાયા, ત્યાગ જો તપ જગ કે વતાયા.

ભક્ત ચરીત્ર ભગવન કથા, કહી કવીતા કરજોળ, ભુલ ચુક નમીયો પ્રભુ, કૃપા કરી રણછોળ.
આ કથા પુરણ કરી, શ્રીહરીનાં ગુણગાંન, શ્રવણ કરે સુખ આપસે, દાસ સદા ભગવાન.

**ઈતિ અધ્યાય ૮૧**

# અધ્યાય ૮૨ : શ્રીકૃષ્ણ અને બલરામ સાથે પુનઃ ગોપ મીલન

**દોહરા**

ભક્ત ને સાંભળી, પરીક્ષિત જોળ્યા હાથ ગળ ગળા થઈ ઉચરે, જય જય શ્રીયદુનાથ
પછી પરીક્ષિત પુછવે, નમન કરી કરજોળ પછી પરીબ્રંમ શું કર્યુ, શું કાર્ય કર્યુ રણછોળ.

*શ્રી ભગત સુદામેજી કથા શુણી પરીક્ષિત પ્રસન્ન થયા શુકદેવકે નમન કરે પ્રશ્ન પુછેતા ક હે મુની ફરી ભગવાન કેડી લીલા કેયા ઈ સજી વારતા સુણાયા તે મુની ચેતા.*

**ચોપાઈ**

શ્રીશુકદેવજી કથા કહે છે. ભગવન લીલા આગે વદે છે
દ્વારીકાનું એ વર્ણન કરતા, એક ચીતે ભુપ સાંભળતા.
હે રાજન જે બ્રંમ આ જગમાં, આજ બેઠા છે રાજભુવનમાં
મોટા ભાઈ બલરામ જી સાથે, વાતુ કરતા બેઠા સંગાતે
સૂર્ય ગ્રહણનીં વાત જ આવી, મોટા ભાઈને કહી સંભળાવી
પ્રલ્ય સરીખો ગ્રહણ જ થાસે, અવનીમાં અંધકાર છવાસે
માટે ચાલો સૌ સ્નાન જ કરવા, સન્મંત ચક્રનાં દરશન કરવા
કુરૂક્ષેત્રમાં સર્વ સંગ જાઈએ, દાન દયીને પુન્ય મેળવીએ.

*બલરામજી કે શ્રીકૃષ્ણ ચેતાં હે મોટા ભાઈ ન્યારેયો અજ હંન ધરા તે જભર ગ્રહણ પ્રલ્ય જેળો થીંધો અને ધરાતે છાંઈ થઈ વંધી અતરે યાદવે કે તૈયાર કરાયોને સહ કુટુંબ સન્મંત ચક્રમે સ્નાન કરે દાન દયીને પુન્ય કમાંઈયો ને ફરી વદે ભાકે કૃષ્ણ ચેતા.*

**ચોપાઈ**

જે રાજાઓએ અનીતી કીધી, પરશુરાંમે પરશી લીધી
કુરૂક્ષેત્રમાં સંહારજ કીધો, અનેક ભુપનો વધ કીધો

જેનાં રક્તનીં ધારા ચાલી, કુરૂક્ષેત્રમાં નદીઓ હાલી
તે ભુમીમાં પ્રાયશ્ચિત કરવા, સર્વ જીવનો ઉધાર કરવા
પરશુરામ ત્યાં યજ્ઞ્ય કરાવ્યો, સન્મત ચક્ર નામ અપાવ્યો.
તે ભુમીમાં હાલો ને સર્વે, કરો તૈયારી સૌજે હળવે
ગજરાજો ને રથ જોળાવે, સગા સંબંધી સાથ બોલાવે.
તે ધારાનાં કુંદ બનાવ્યા, પાંચ કુંદ રક્તનાં ભરાવ્યા

**દોહરો**

વાત સાંભળી કૃષ્ણનીં, યાદવ થયા તૈયાર રથ જોળાવ્યા સામંટા, ચાલ્યા તીરથ મોજાર.

પરશુરામ જન ભુમી તે પાપી રાજાએજો સંહાર કેયા વાં ઉત લુઈજી નય વયી વયી હુઈ ઉનં રતજા પંજ કુંઢ ભરાણાવા ઉનં ભુમીતે પરશુરાંમ યજ્ઞ કરે સન્મંત ચક્ર તીર્થજી થાપનાં કેયાં અયી ઉત વનીને પાં મળે સ્નાન દાન કરીયુ અતરે તૈયાર થીયા.

**શુક. ઉવાચ ચોપાઈ**

હે રાજન પછી તે તીરથમાં, યાદવ આવે છે સૌ સંગમ.
ભારતનાં ભુપતીઓ સર્વે, લાખો લોકો આવ્યા હળવે
ઉગ્રશેન ને અક્રુર સાથે, વાસુદેવ ગદ ગોવિંદ સંગાતે
પ્રદ્યુંમન ને સામ્બ સરીખા, ચાલ્યા સર્વે સરખે સરખા
શેનાપતી ક્રતવર્તા સાથે, અનિરુદ્ધ શુક સારણ નાથે
દ્વારીકાનાં રક્ષણ કરવા, બેઠા છે ત્યાં ચોકી કરવા.

*શ્રીકૃષ્ણજો આદેશ મથે ચળાઈને યાદવ મળે પંઢ પંઢજે કુટુંભ કભીલે સોંત યાત્રા કેલા રવાના થીએતા. દ્વારીકાજો રક્ષણ કરેલા. ક્રતવર્મા સારણ અનિરુધ્ધ કે રખી રવાનાં થીએતા.*

**ચોપાઈ**

ગુગરીઆરા રથ જોળાયા, રેશંમ જાંઈ પળઘા બંધાયા
તીખા તોરી સાથમાં લીધા, યાત્રા નાં પરીયાણ કીધા

**યાત્રાજો વર્ણન**

ગજરાજો નાં ઝુંડો હાલે, કનક મઢેયા ધીમાં ચાલે
સ્યામ વર્ણનાં સાથ નીકળીઆ, જાણે ગંગને મેઘ ચળીઆ
સર્વ રાણીઓ સંગમાં આવે, બેસી રથમાં ધીરે ચલાવે
દાસ દાસીઓ સંગમાં લીધા, વૃધજનોને સાથે લીધા
નાદ નગારા પળઘંમ બાજે, જેનીં ધુંન ગગને ગાજે
યાદવોની ચાલી છે સ્વારી, જેનીં સોભા છે એ ન્યારી.

*હે રાજન અજ યાદવ ભેરા થઈ સજો રસાલો હાથી ઘોળા રથ પાલખીયે મે વયીં રવાનાં થેયા દાસ દાસીયુ બ્યા બુઢા સંગમે અગીઆ જે લેનમે વાહન રખે રવાના થેયા જેજી સોભાજો વર્ણનં પ ન થઈ સગે ગંગન ગજાઈધા રવાનાં થેયેતા*

## ચોપાઈ

સર્વ સંગે સાથમાં ચાલ્યા, કુરૂક્ષેત્ર તીરથમાં આવ્યા
ગ્રહણનાં એ ઉપવાસ કીધા, પાંચે કુંદમાં સ્નાનજ કીધા
સહસ્ત્ર ધેનું દાનમાં આપી, સોનાં સીગં મઠાઈ રે દીધી.
વિપ્રો ને ત્યાં ભોજન કરાવ્યા, અઢળક અંન ધન દાન આપ્યા.

*ગ્રહણ જો સ્નાનં ધ્યાન પુરણ કરે વળજે ઝાળ નીચે વીએતાં*

## દોહરો

હે રાજન પછી યાદવો શ્રીકૃષ્ણ પ્રભુનીં સાથ, વટ વૃક્ષ નીચે બીરાજીઆ સૌ આવે રાજન સાથ.

*હે રાજન યાદવ પંચ કુટેમે સ્નાન વ્રત નીયમશે કરે દાન દયીને ઈ મળે યાદવ હકળે જભર વળજે ઝાળ નીચે ભગવાન ને યાદવ વીએતા ને ઉત સજે દેશજા રાજા દરશન કરેલા અત અચેતા*

## ચોપાઈ

દેશ દેશનાં મહિપતી આવે, શ્રીકૃષ્ણનેં શીસ નંમાવે
મળી પરસપર સૌ સંગ આવી, વૃક્ષનીં નીચે બેસતા જાઈ.
મતસ્ય ઉશીનર કોશલ રાજ, કુરૂ કંબોઝનાં મહારાજ
કૈકય કુન્તીં ને કેરલ ભદ્ર, સર્વે દેસોનાં સાથ વિદર્ભ

*ફરી સુકદેવજી ચેતા હે રાજન અજ અંન ક્ષેત્ર મે સ્નાન કરેલા ગોકળ ગાંમજા નંધ જસોદાને મળે ગોપ ભેરા આયા અયી સ્નાન કરે ને ઈ ભેરા થઈ શ્રીકૃષ્ણ જા દરશન કરેલા અચેતા ને ભગવાન હકળા હકળેસેં મલેતા*

## ચોપાઈ

વૃજવાસી સૌ ગોપાનીં સાથે, નંદ યશોદાજી આવ્યા સંગાતે
માત પીતાને આવ્યા જાણી, અતી હરખાણા સારંગ પાણી
ઉતાવળા જટ ઉઠી ને ચાલ્યા, જાઈ ચરણમાં શીસ નમાવ્યા
બંને બાંધવ દંડવત પળીઆ, હર્ષના આસું નયન છલકેયા
ગળ ગળા થઈ સામે નીહાળે, રદય ભરાયા સબ્દનાં નીકળે
બંને પુત્રોને નજર નીહાળે, ઘણા વર્ષોથી આજે ભાળે.

*ભગવાનકે ખબર પયી કે ગોકુળ સે નંદ જસોદાજી માતા ભેરા ગોપ સ્નાન કેલા આયા અયીં અતરે ભગવાન ધોળી સામે વનેતા ને બોય ભાં દંડવત કરીયેતા નંદરાજા ઉભા કરે છાતી તે લગાયા મલેતા અજ ઘરે વરે માતાપીતા મલેયા અતરે ભગવાન જો ભાવસે રદય ભરાજી અચેતો નંદજી પણ કીં કધી સગે નતા એવા ભાવ વિભોર થઈ વનેતા માતા જસોદાતાં નેરેને એળા સંનમન થઈવ્યા જેજો વર્ણન જ ન થઈ શકે ને ભગવાન તે પોવા સજે ગોકુળ ગાંમ જે ગોપેકે બખવયી મલેતા.*

કરજાલીને ઉભા એનેં કીધા, રદય લગાવી આસીસ દીધા
નારી વૃંદ સૌ આવીને મળતા, મળી પરસપર વંદન કરતા.
ક્ષેંમ કુશળનીં વાતુ પુછે છે, આંખે આંસુ હર્ષ પળે છે

હે રાજન આ ગોપ મીલનનું, વર્ણન કરવુશું તે સમ્યનું
રામ સ્યામને સાથ ગોવાળો, દીરો ઉમંગ માયી વૃધ બાળો
ઘણા વરસોની વાણા વાયી, ફરી મીલંન મોકા આયા.

**દોહરા**

પછી સાથ સૌ ચાલીયા, આવ્યા કુન્તા માતા પાસ
સાથ વસુદેવ દેવકી, દીસતા અતી તે હુલાસ.

*હે પરીક્ષિત ગોપ મીલંન કરે ભગવાન ભેરા બલરાંમજી પીતાજી વસુદેવજી ભેરા કુન્તાંજી જંદા જન તંબુ મે અયી ઉતે મલેલા અચેતાં મળે નમન કરીયેતા ઈ કથા અજ સુણાઈએતા.*

**કુન્તાજી વસુદેવ પ્રતી ચેતા. ચોપાઈ**

માત કુન્તાજી પછી વાત ઉચારે, વસુદેવને કહી સંભળાવે
ભાઈ તંમે મારી ખબરૂ નાં લીધી, સુખ દુઃખમાનાં યાદનાં કીધી

**વસુદેવજી ચેતા**

હે બહેન તંમે ધીરજ ધારો, જુનીં વાત હવેનાં સંભાળો
જીવ જગમાં જ્યાં જ્યાં આવે, સંચીત કર્મ ભોગવતો જાયે
વિસ્વપતીઆ વીસ્વ બનાવ્યો, કોટી દેહ જગ જીવ ઉપાયો
સર્વ રમંકળા રામનાં તે છે, રાંમ રમાળે નાચતાં તે છે.
કંશ રાજા એ જે દુઃખ દીધા, કર્મના ફળ ભોગવી લીધા
હવે બહેન હરી મહેર કીધી, રાજ પાઠ ને સંપદા દીધી.
હવે તમારા દુઃખના દીવસો, જાતા રેશે લાગેનાં વરસો.
એમ કહી બહેન સામે નીહાળે, પળતા અશ્રુ સામે પાળે.

*ઉપરોક્ત કુન્તાજી ને દીલાસો આપી પછી સર્વ યાદવો કૃષ્ણ સાથે પોતાનાં સ્થાને આવે છે ત્યારે એ ખબર પળતા કૌરવો કૃષ્ણને મળવા આવે છે.*

**ચોપાઈ**

હે રાજન પછી પાંડવો સાથે, કૌરવ આવ્યા સંગાતે
ભીસ્મ પીતામહ દ્રૌણાચાર્ય, ધ્રતરાસ્ટ્રને કૃપાચાર્ય
દુર્યોધન ને યુધીષ્ઠીર જે તે, કુન્તીં ભોજને વીરાટ જેતે
વીદુર વીદુરથ કાશીરાયં, મીથીલા પુરનાં જે કેવાયં
સારા દેશનાં રાજન આવ્યા, નીરખી કૃષ્ણને આનંદ પામ્યા
મળી પરસપર વંદ કરતા, પાત્ર જોઈને ચરણે પળતા
યાદવ કુળનાં નારીઓ સર્વે, મળવા હાલી ત્યાં હળવે
મળી પરસપર વંદન કરતી, એકાએકને જાઈ મળતી

*શુકદેવજી વાણી વદીતા હે રાજા સજે ભારત જા રાજા ત્યાં શ્રીઉગ્રશેનકે મલેતા વંદન કરે ચેતાં ક હે ભુપ આયી મહાભાગ્યસાળી અયો કારણ અજ આંજી આજ્ઞાં જગજો નાથ પંઢ જે શરતે*

*રખેતો આંઈ તા મહાભાગ્યશાળી અયો આંજી પુરવજી કમાણીજા ઈ ફલ અર્યીં ફરી ચેતા*

**ચોપાઈ**

હે રાજન તંમે કેવા તપ કીધા, જગનીયંતાને વસ કીધા
નેતી નેતી જ્યાં વેદ પુકારે, જે બ્રંમ છે બાવનથી બારે
યોગી મુનીઓ ધ્યાન જ ધરતા, શેસ સનકાદી વંદન કરતા
જેનીં વાણી કીરતી જગમાં, પાવન કરતી પલ સંમરણમાં
જે યોગેશ્વર આ વીસ્વ ચલાવે, તે તમને નીત શીસ નમાવે.
ધન્ય ધન્ય તો યાદવ કુળને, ધન્ય ભુપ ઉગ્રશેન તમને
જેનાં નામથી પાતક જાયે, જેનાં દરશન દુઃખ હટાવે
તે જ પરીબ્રંમ શેસનાં સંગમાં, આવ્યા છે બેઉ સગુણમાં
યાદવ કુળના પુન્યો પ્રગઠયાં, યસ કીરતી જગ પસરીયા
નમન કરી સૌ ત્યાંથી જાવે, નીજ નીજનાં તંબુમાં આવે

**દોહરા**

નમન કરી સૌ રાજવી, ઉગ્રશેનનાં પાંય રજા લઈ પછી જાય છે, નીજ આવા સો માંય.
હે રાજન પછી શ્રી હરી, ત્યાંથી આગે જાય મળવા એ વ્રજવાસીને, કૃષ્ણ અકેલા જાય.

*યાદવ અને ઉગ્રશેન કે મલીને ભુપ સજે દેશ જા પાછા પંઢજે તંભુએ મે રવાના થેયા તદે હદા ભગવાન અજ હેકલાજ વ્રજવાસી ગોપેકે મલેલા રવાના થેયા.*

**ચોપાઈ**

શ્રીકૃષ્ણને આવતા જાણી, નયંનો માં ઉભરાણા પાણી
ઉઠી ઉતાવળા સામે આવે, વ્રજવાસી સૌ શીસ નંમાવે.

**ભગવાનકે સામે દશી વ્રજ વાસી સામે ધોળી અચેતા**

ગોપીઓ સૌ સંગમાં સાથે, એકા એક એ શીસ નમાંવે
દરશન કરતા નીજ પદ ભુલી, મુક બનીને ચાવે અંગુલી
બંની બાવરી જળવત જોવે, સ્વાસ રૂધાણાં ભ્રમંતી ખોવે
જુનીં વાતો યાદ એ કરતી, જાણે કે વ્રજ રાસ શું રંમતા.
વૃંદાવન નીં યાદ એ આવે, દેહ ભંમતી સાંવ ગુમાંવે
નયંને નીરખતી મટકુનાં મારે, સ્યામ મુરતી રદય ધારે
ચીત વૃતી જરા નાં દોલે, મુખથી એક સબ્દનાં બોલે
શ્રીહરી સામે જોઈને હશીઆ, ગોપીઓનાં રદયે વસીઆ.

**દોહરા**

જયું ધન માયી ચાંદની, સાઘર નીર સમાય ત્યું કૃષ્ણ મય ગોપીઓ, તદાકાર થઈ જાય.

*હે પરીક્ષિત અજ ઘણે વરે પાછળ ગોપીયુ શ્રીકૃષ્ણ જા દરશન કરેતીયું તદે ઈ સાવ પંઢજો*

*ભાવ પુરાણુ જાગ્રત થીએતો ઉ બાળકરૂપ નંઢપણજી બોલી મળે યાધ અચેતી વ્રજજી ભુમીંને નત નાંનાં જા દ્રસ્ય રાસ મંદળ મટકી ફોળ નાગ દંમન ચીરહરણ ઈ યાધ કરીધે નં સાવ તદાકાર થઈ જળ વારેજી સામે નેરે રયું અયી ઈ પ્રસંગ કી કથા સુખદેવજી સમજાઈયેતા*

**ચોપાઈ**

ગોપીઓ સૌ પરમ પુન્ય સાળી, વસ કીધા જેણે વનંમાળી
જેંને મળવા મુનીઓ મથતા, સહસ્ત્ર વરસો જપતપ કરતા
તેજ બ્રંમ આજ સામે આવ્યા, ભક્ત વત્સલ પુનીં પધાર્યા
હે રાજન પછી કૃષ્ણ જ બોલે, ગોપીઓ સર્વે નયનો ખોલે.

*અગાથ રદયજા ગોપીઆ જા ભાવ ભગવાન જાણી ગણા અતરે સામે ચેતા.*

**શ્રીકૃષ્ણ ગોપીએકે ચેતા. ચોપાઈ**

ધન ધન છે સૌ ગોપી તંમને, મંમ કાજે તંમે ભુલી જગતને
પ્રેમ લક્ષણાં જે ભક્તિ મારી, સંમરણ કર છો મંમ રદય ધારી
જે ભક્તિ થી જીવ આ જગમાં, નથી લોપાતો માયા બંધનમાં
અમરં તત્વ પરમાનંદ પામે, આવા ગમનની રાહ મીટાવે
હે ગોપીઓ આ વિસ્વનાં વીરો, અંદર બાહિર ભૌતિક દીરો
આદી મદય ભીતર સગળે, પંચ ભુત જે વ્યાપક સગળે
જે વરતાય આ વીસ્વનાં માંયી, પંચ ભુત આતંમ નાં માયી
પ્રથમ પછવાળે બાહેર ભીતર, સગળે વ્યાપક જે છે ઈશ્વર
પંચ ભુત નાં પીંદા બનાવ્યા, કારણ રૂપ તેમાંયી સમાયા.
કરતા ભોક્તા ભરતા જે છે, જીવ રૂપ સમાયો તે છે
છતા તેનાથી નીર્લેપ જાણો, સર્વથી ઉપર મુજને પીછાણો.
સત્ય સનાંતન હું અવીનાસી, આતંમ જીવ મુજમાં વિલાસી
સુખ દુઃક સર્વ જગમાં જે છે, મીલન વીયોગ દેહ ક્રત તે છે
જ્ઞાનીં ને તે સર્વદીન સરખા, જે બ્રંમ આનંદ ધન ઓળખતાં
માટે ગોપીઓ સંશય છોળો, એક બ્રંમ અદ્વૈત ચીત જોળો
એમ કહ્યું વીસ્વેશ્વર સ્વામી, ગોપી પ્રતી શ્રીબહુનામી.

**દોહરા**

વચનામૃત શુણી સ્યામનાં ગોપીઓ સૌ હરખાય, દરશન કરી શ્રીસ્યામનાં દંડવત તે પળી જાય
કરજોડી પછી વીંનવે, માંગતી સ્યામની પાસ, ભક્તિ દેજો આપની, રાખજો ચરણની પાસ.

*ઉપરોક્ત શ્રીકૃષ્ણ જો ઉપદેશક વાણી શુણી ગોપીયું ધન ધન થઈ વયું ને શ્રીકૃષ્ણ જે ચરણે મેં દંડવત કરીને વર મંગેતીં ક હે ભગવાન અસાજી ફરી ઈ જ મંગણી અય ક અસાંકે આંજી ભવોભવ ભક્તિ દીજા*

**દોહરા**

ભક્તી તમારી ભુધરા, ભવો ભવ દેજો સ્વામીં, સંમરણ કદી ના વીસરે, એ વર દેજો બહુનામી.
હે રાજન પછી ગોપીઓ, ચાલી સૌ સંગ તેહ, નમન કરી શ્રીનાથને, જાયે નીજ ઘર જેહ.
આ કથા પુરણ કરી, ગોપ ગોવિંદ મીલન, જાડેજા હરી ચરણમાં, કોટી કોટી હો નમન.

**ઈતિ અધ્યાય ૮૨**

# અધ્યાય ૮૩ : ભગવાનજી રાણીયને દ્રૌપદી મીલન સંવાદ

**દોહરો**

પ્રશ્ન પરીક્ષિત પુછવે, દોયકર જોડી સાથ આગળની જે હરી કથા, જે શું કરીયું યદુનાથ.
શ્રી શુકદેવજી મુખ વદે, આગળનો ઈતીહાસ પછી પરીબ્રંમ જાય છે, ધર્મરાજાની પાસ.

*શુક ઉવાચ હે રાજન ભગવાન શ્રીકૃષ્ણ ગોપીજનને કે જ્ઞાન દનાં અતરે ગુરૂ રૂપ અર્યીં અને ઈજ કૃષ્ણ સીક્ષા દ્વારા પ્રાપ્ત થીયે ઈ વસ્તુ ફળ રૂપ જ ઈ અયી અતરે અજ ઈ યુધીષ્ઠીર અને મળે સંબંધીએ કે મલી કુશળ સમાચાર પુછેતા ભગવાન પધાર્યા ઈ સામે દશી ધરમરાજા ભાવસે મલી પંઢ વટ આસને તે વીરાયેને સનમાન કયાં*

**ચોપાઈ**

ધરમરાજા એ જાણીયું જ્યારે, સામે મળવા આવે ત્યારે
કરજોડીને સંનમાન કીધા, મળી પરસપર વંદન કીધા.
આસન આપી ચરન પખારે, ધરમરાજા પછી વાત ઉચારે
યોગેશ્વર આપ ભલે પધાર્યા, દરશન આપી શોક મીટાવ્યા.

**ધરમરાજા શ્રીકૃષ્ણની અસ્તુતી કરે છે**

**રાગ– આશાવરી.**

પદરજ પાવન કારી, યોગેશ્વર, પદરજ પાંવન કારી
આજ પધાર્યા અંમ આંગણીએ, ભક્ત વત્સલ ભયહારી. યોગેશ્વર...
જે પદરજ થી પાવન કીધી, વ્રજ ભુમીંને મોરારી
વૈકુંઠથી ને અધીક કીધી, ગોવર્ધન ગીરધારી. યો...
જે પુનીંત પદ માંથી પ્રગટી, મંદાકનીં મલહારી
ત્રણે ભુવનને પાવન કરવા, અવની આપ ઉતારી. યોગે...
જે પદનો યોગી ધ્યાન લગાવે, નીત્ય સમાધી ધારી
આજ અંમ ઘર આપ પધાર્યા, ખબરૂ લેવા અમારી. યોગે...

*શ્રીકૃષ્ણ જો સંનમાન પુજા કરે ધર્મરાજા પ્રાર્થના કયાં ને વટ આસન તે વેરાયને ચર્ચા કરીંતા*

**દોહરા**

ધરમરાયની પાસમાં બીરાજ્યા શ્રીયદુરાય મળી પરસપર પાંદવો, બેઠા સર્વ સંગાથ.
યાદવ નારીઓ સાથમાં, આવ્યા દ્રૌપદી પાસ તેમ કુશળ સૌ પુછવે, દીસતી સર્વ હુલાસ.

*શ્રીકૃષ્ણ પટરાણીએ ભેરા દ્રૌપદીકે મલેલા વનેંતા ઉત મળે પંઢ પંઢજે પદ પ્રમાણે મલી નમન*

*કરે અતી ભાવસે પંઢપંઢજા મલીને ખબર પુછેત્યું ને દ્રૌપદીજી રુકમણીજીકે પ્રશ્ન પુછેતા.*

**દોહરા**

શ્રીરુકમણીજી સત્યભામાં, જામ્બવતી ને સત્યનામ
કાલંદ્રીને મીત્ર વીંદા જે, લક્ષમણા ને ભદ્રાસ્યામાં.

*અઠોય પટરાણીએ કે દ્રૌપદી પ્રશ્ન પુછયા કે આજા લગ્ન સંબંધ કૃષ્ણસે કી જોળાણા ઈ વગતવાર સમજાયો.*

**ચોપાઈ**

સાધવી ઓતંમે સૌ સમજાવો, સગળી બીનાં કહી બતાવો
માનવ લીલા જે કૃષ્ણ કરતા, નીર્વિકાર જે જગ વિચરતા
તેનીં સંગાતે કેમ પરણીઆ, કેમ તમારા સંબંધ સાધ્યાં
અથ ઈતી તે કહિ સમજાવો, સર્વ મુજને કહી બતાવો

*દ્રૌપદીજી વાણી શુણી રુકમણીજી પંઢ વીતયી ચેતા*

**રાગ પ્રભાતી. જાગને મદવા**

શ્રી દેવી બોલીયા, મુખ મલકાવીને, સાંભળો દ્રૌપદી વાત મારી
મારા તો સંબંધ એક, અશુરથી બંધાયા, જાઈને રુકમાજે મારો ભાઈ
પછી વિપ્રનીં સાથ મે, પત્રીકા મોકલી, સ્યામને દ્વારીકા નગર માંયી.
વાંચીને પત્રીકા સ્યામ સત્વર પછી, વિપ્રની સાથમાં એ આવે
જાન લઈ આવીયો દંમગોસ હર્ષથી, શીશુપાળ પરણવા મુજ આવે
દેશ રે દેશનાં રાજાનાં દેકતા, કર જાલી હરી મુજ હરણ કીધુ.
તે દીંનથી સ્યામનીં ચરણમાંયે રહિ, દાસી થઈ સેવુ છુ દીનરાતી.

*શ્રીરુકમણીજી પંઢજી સજી કથની દ્રૌપદીજી ક સમંજાયેને ચેયા ને હાણે સત્ય ભામાજી ચેતા*

**રાગ એજ**

સત્યભાંમા પછી ધીરેથી બોલીયા, દ્રૌપદીજી પ્રતી વાત કીધી
મારો ભાઈશ્રી પ્રશેનનાં મ્રત્યુંનો, કલંક શ્રીસ્યામના શીર આવે
તે કલંક ને ઉતારવા, શ્રીહરી ચાલ્યા, જામ્બવાંન સાથે યુધ કીધુ
મણી લઈ આવીયા આપી પીતાજીને, મણી સાથ મારો દાન દીધુ
તે દીંનથી નાથનાં સેવામાં રાચતી, ધ્યાનંથી રદયે ધારી લીધા
હે સખી પુર્વનાં દ્રૌપદી ભાગ્યથી, શ્રી હરી સેવાનાં લાભ લીધા

**જામ્બવતી પંઢજી કથા ચેતા**

જામ્બવતી પછી મંદમંદ મલકતા, અથ ઈતી વાત નીજનીં કીધી
મારા પીતાજીએ યુધ કર્યું જામ્બુવાંન, દીનં સતાવીસ શ્રીસ્યામ સાથે
પછી આખરે ઓળખ્યા, મુખને નીરખી, રઘુપતી રામછે એજ પોતે
ચરણં વંદન કરી નીધી લઈ સાથમાં, સોપીશ્રી મુજને નીજ હાથે.

તે દીનથી નાથની થઈ અર્ધાંગ્ના, ચરણની દાસી થઈ સેવા લીધી
હે સખી દ્રૌપદી નાથ કરૂણા કરી, ચરણ સેવા પ્રભુ નીજ દીધી.

*જામ્બુવતી પંઠજી કથા સુણાયા દ્રૌપદીજી કે ફરી દ્રૌપદી કાલંદ્રીકે સામે નેયારયાત ઈ પંઢ વીતયી ચેતા*

કાલંદ્રીજી સજી વાત મુખ ઉચરે, પાંચાળી પાસ એ શીસનામી
સાંભળો બાઈજી વાત જે મુજ વીતી, સ્યામને વરવા તપ કીધું.
યમુંનાનાં તટ જઈ યોગીની રૂપ લઈ, સ્યામનું રાતદી ધ્યાન ધરતી
તે જાણીને યદુપતી સત્વર આવીયા, રથ લઈ સાથમાં મુજ માડ
કર ગ્રહી માહર તેળી સંગાતમાં, દ્વારીકામાં પછી લગ્ન કીધા
તે દીનથી સ્યામનાં ચરણ દાસી થઈ, સ્યામ સેવાના લાભ લીધા

**મીત્રવીંદાજી દ્રૌપદીજીકે ચેતા**

મીત્ર વિંદા પછી, ધીરેથી બોલીઆ, સાંભળો સજનીં વાત મારી
માહરા પીતાજીએ સ્વયંવર રચાયો, સારાજે દેશનાં ભુપ આવ્યા.
એ જોવાને યદુપતી આવીયા મંદપમાં, નીરખીને મારા મન મોયા
મારા પીતાજીએ નીરખ્યા તે છતા, બેસવાને નહિ સ્થાંન દીધા
તે દેખીને યદુપતી કોપ દ્રસ્ટી કરી, મંદપની માથે સતવર આવે
લઈ વરમાળા હુ આવી મંદપ માં, આવતા નાથને સામે જોયા.
નીરખ્યા નજરથી ચરણ દાસી થવા, સંમરતા સ્યામને ભાંન ભુલી
તે જાણીને યદુપતી મારી જે વિનંતી, સર્વનાં દેખતા હરણ કીધુ.
દ્વારીકા શ્રીપ્રભુ સાથમાં તેડીને, દાસીને શ્રી હરી સ્થાન દીધું
ત્યારથી રાતદી સેવામાં રાચતી, શ્રી હરીનાં સદા ચરણ સેવું.

**હવે સત્યા કુમારી બોલેતા**

કૌશલ દેશનીં કુવરી બોલીઆ, સાંભળો ભામની વાત મારી
એક દાન સાત સાંઢ, સાથે નીરખાયા, નગર ને પાદરે બળધારી
જોઈને બેલને બીરદ લીધા પછી, એક સાથ નાથ સેજે વીર આપી
વરમાળા પછી એજને આરોપવી, જનમો જનમનીં થાઉ દાસી
દેશને દેશનાં આવતા ભુપતી, નીરખીને બેલને પાછા જાયે
સાંભળી સ્યામ તે તુરત આવીયા, સાત સાત રૂપતે ધરવાયે
સાતે સાંઢ નાથીઆ, હરી એક સાથમાં, બીરદ મારૂ પુરૂ થાયે
એ જાણીનેં જીવનમાં હાથ વરમાળા લઈ, આરોપી સ્યામને શીસનામી

**લક્ષણાજી દ્રૌપદીજીકે ચેતા**

કોશલ દેશની કુંવરી હુ લક્ષમણા, સ્યામ ને વરવા બીરદ લીધુ
મુજ પીતાજી આ વાતને જાણીને, સ્વયંવર મહિ યુકતી કીધી

ધનુષ એક લાવીને રાખ્યો મંદપ મહિ, પણ છ બાંધી નહિ છુટી મુકી
સ્થંભની ઉપરે મછ એક રાખીઓ, મછને વેધવા સરત મુકી.
દેશરે દેશના ભુપતી આવીયા, ધનુષનાં ઉપળે પાછા જાવે
સાંભળી સ્યામ પછી આવે નગરમાં, મછને વેધવા ત્યાં જાયે
ધનુષ ઉપાળીને દોરીને સાંધીને, કીધા સંધાન તે મછ વેધે
છુટી કમાન ને થયો રણકાર જ્યા, ગગંનમાં દેવ જોવાને આવે
પુસ્પ વૃસ્ટી કરી જયજયકાર ત્યાં, અવની અંબર સર્વ હુલાસી
તે જાણીયુ ભવનમાં અતી હુલાસમાં, સજી સણગારને ત્યાં આવી
લઈ વરમાળા જે આરોપી સ્યામને, નાથનાં ચરણની ઓથ લીધી
તે દીંનથી રાતદી સેવામાંથે રહી, જનમો જનમની ભકતી માગી

**હાલે ભદ્રા કુમારી પંઢજી કથની ચેતા**

ભદ્રા મારા દેશમાં સ્યામ જેદી આવીયા, મારા પીતાજીએ જાણ્યું જ્યારે
સામ્યો સાથ લઈ સાંમજે ચાલીયા, કીધા સનંમાનને તેડી આવ્યા
પછી કરજાલી માહરૂ સોપી શ્રીસ્યામને, ઔક્ષણી સૈન્ય સાથ દીધુ
અઢળક સંપદા દાસને દાસીઓ, તુલશીને પાને દાન દીધા
તે દીનથી સ્યામની ચરણ સેવા કરૂ, દાસી થઈ સદા એજ માંગુ.
હે સખી દ્રૌપદી મારી આ વારતા, જીવન મારૂ આ ધન્ય કીધુ.

*શ્રી દ્રૌપદીજીકે ભગવાનજીયુ અઠોય રાણીયુ ભગવાનકે કી વરયુ ઈ સજી પંઢ પંઢજી ગાલ સુણાયા તે પુવા જુકો સોરો હજાર રાણીયે મે મુખ્ય જુકો રોહિણીજી ઈ પુરી પંઢજી ગાલ સમજાઈને સુણાયતા.*

**રાગ એજ**

રોહિણીજી સતી એક એમ બોલીયા, સાંભળો શ્રીમતી વાત મારી
પ્રાગજ્યોતી પુરંમ નગરીઆ અવનીમાં, ભૌમાશુર અશુરે જીતી લીધી
તેજ તે નગરીમાં સર્વ કન્યાઓને, પકળીને લાવીને કેદ કીધી
હે સખી તે કેદમા અંમ અબળા સૌ, બનીં નીરાધાર ને ત્યાંજ રેતી
તે કેદથી છુટવા નજરથી નીરખતી, અવનીમાં કોઈનાં વીર ભાવ્યા
આસ છોળી પછી જગતમાં સર્વની, જગતનાં નાથની ઓત લીધી
સ્યામ સુંદર આવી પછી આવી ઉતાવણા, અશુરની નગરીનો નાસ કીધો
અંમ બંદીજનોને છોળાવી યદુપતી, કેદમાંથી સર્વ મુક્ત કીધા
પછી એક સાથ સ્યામનાં ચરણ પકળી અંમે, સરણ રેવા અરજ કીધી
ભકત વત્સલ પછી સાંભળી વીનંતી, અશરણ ને હરી શરણે લીધા
તે દીથી દાસી થઈ રયીયે દ્વારીકા, શ્રી હરી નીરખી સુખ પાંમી
શ્રીહરી પાસેથી એજ વર માગતી, ભવોભવ ભકતીનું ભાથુ દેજો.

### દોહરા

હે રાજન એ સર્વ રાણીઓ જે કરતી વાર્તા લાપ, મળી પરસપર પ્રેમથી, સૌ બેસી દ્રૌપદી પાસ.
શ્રીકૃષ્ણ ગોપ મીલનંનો અદભુત આ આખ્યાંન, સંભળાવ્યો સુખદેવજી પરીક્ષિત એકજ
દ ય । ન
કથા આજે પુરણ કરી, શ્રીજી શ્રીનું આ ચરીત્ર, બ્રંમ શક્તિની વારતા, જે જાડેજા જગ પવિત્ર.

### ઈતિ અધ્યાય ૮૩

## અધ્યાય ૮૪ : વાસુદેવ જગન જો આરંભ કરીતા

### શુક ઉવાચ દોહરા

હે રાજન આ સર્વ રાણીઓ દ્રૌપદીજી ની સાથ કરતી હાસ્ય વિનોદ જે, ક્ષેમં કુશળનીં વાત
નીરખીને પટરાણીઓ, ગોપી સૌ હરખાંય દ્રૌપદી ગાંધારી કુન્તાજી, જોઈ રદય ઉભરાય.

*અજ કુરૂક્ષેત્ર મે પાંડવ ભેરા યાદવ વાસુદેવ નંદ રાજા બલરામજી વઠા અયી શુણીને રૂષી મંદળ મળે ભેરા થઈ શ્રીકૃષ્ણજા દરશન કરેલા અચેતા*

### દોહરો

ઉગ્રશેનં ને વસુદેવજી, પાંદવ યાદવ સાથ ભૂપતીઓ સાથ નંદજી, બેઠા બલ યદુનાથ

### ચોપાઈ

કુરૂક્ષેત્રનાં તીરથમાં ઈ, કૃષ્ણ પધાર્યા છે તે જ્યાં ઈ
રૂષીઓ મુનીઓ સાથમાં આવ્યા, દરશન કરવા સૌ પધાર્યા
હે રાજન તે જે મુનીઓનાં, નામ સાંભળો તે સર્વેના
જ્ઞાનીં ધ્યાનીં ને બ્રંમજ્ઞાંની, પરમ હંશ મહાવિજ્ઞાની.
કૃષ્ણ દ્વેપાયન વ્યાસને નારદ, વામદેવ બૃહસ્પતી વિસારદ
દેવલ પરશુરામ સતાનંદ, વિસ્વામીત્ર વસિષ્ઠ સનંદન
ગાલવ ગૌતમ ભ્રગુ પુલસ્ય, અત્રી અંગીરાને અગસ્થ
ભરદ્ધ્વાજ ને રચંન મુની જેવા, યાગ્યવલ્ક કસ્યપ તેવા.
મારકંદેય જે મહામુંનીં જ્ઞાંની, દવીત તીત્ર અંકીત નામી.
સનકાદી જે બ્રંમ કુમારો, બીજા અગણીત રૂષી કુમારો.

*ઉપરોક્ત રૂષી મુંની મળે ભેરા થઈ હરી સંમરણે કંધા ઈ જત શ્રીકૃષ્ણ ભેરા પાંદવ વઠા અત ઈ મળે અચેતા ભગવાન જા દરશન કરે કૃતાર્થ થીએતા ભગવાન પણ મુનીયેકે સામે હલી વંદન કરે વટ આસન દઈ વીરાઈતા*

### ચોપાઈ

સર્વ સભામાં આવ્યાં જ્યારે, શ્રીહરી ઉભા થાય છે ત્યારે
સર્વેશ્વરનું સંમરણ કરતા, સર્વ મુનીઓ વંદન કરતા.
સર્વ મુનીઓને આવતા જાણી, સાંમા આવ્યા સારંગ પાણી

કૃષ્ણ બલરામ વંદન કરે છે, પાંદવ યાદવ દંડવત પળે છે
સાથ મળીને તેડી આવ્યા, પદ પ્રમાણે આસન આપ્યા.
ચરણ પખારી પુંજન કીધા, ધુપ દીપ લઈ અર્ચન કીધા.

**શ્રીકૃષ્ણ મુનીયે પ્રતી ચેંતા.**

ધન્યં ધન્યં આજ ભાગ્ય અમારા, દરશન પામ્યા સંતો તમારા
પુર્વ જન્મનાં પુન્યો પ્રતાપે, જનમ સફળ કીધા આપે
જે મુનીયોનાં દરશન કરવા, દેવો આવે અવની ફરવા
એજ મુનીઓ સૌ સંગ આવી, આજ અંમપર કૃપા વરસાવી
જે બ્રંમને સંતો બતાવે, સાગરથીને પાર ઉતારે
પારસ કંચન બનાવે જેમ, સંત નીજરૂપ બતાવે તેમ.
સર્વેશ્વર જે જગનાં કરતા, સર્વ જીવોનાં રદયે વસતા
સંત સદા છે જગ ઉપકારી, અશરણ શરણ સંત સુખારી

*ભગવાન શ્રીકૃષ્ણ અખંદ જ્ઞાન સંપન અયી છતા ઈ વાણી શુણી મુની ચુંપ થઈ વયી રેતાં ભગવાનજીકો ઈ સમજીં નં સગેયા. છતા ભગવાનજી લીલા મ્રત વાણી શુણી ભગવાન ફરી ચેલા લગા.*

**ચોપાઈ**

મુર્તીપુજા જે જગમાં કરતા, એનાં સ્વરૂપનું ધ્યાન ધરતા
જેમ ભંમરી કીટ બની જાવે, મુરતી ધ્યાનીં શીવ થયી જાયે
સંતનાં જે દરશન કરે છે, કોટી જનમનાં પાપ ટળે છે
નસ્વર દેહ પંચભુતની કાયા, એમા આતંમ બ્રંમ સમાયા
મુરખ નર એમાં નવ માને, આતંમ ચેતનનાં પીછાણે
જીવ જનમી ભક્તિનાં કીધી, સંત ચરણ સેવા નાં કીધી
તે જન જગમાં પશુકર જાણો, જીવીંત જગ મુવા પીછાણો
સંત ચરણ રજ શેષ વખાણે, સંત ચરીત્ર સારદ જાણે
એવા સંતની સેવા કરતા, આવા ગમનનાં ફેરા ટળતા
સંત શેવકને એક પલકમાં, લાખ ચોરાસી છુળાવે ખલકમાં

**દોહરા**

વાણી સાંભળી શ્રીકૃષ્ણજી, રૂષીઓ સૌ હરખાય
આજ જગતનાં નાથ છે, તેમ કહી પરખાય.
થયી અબોલા નીરખતા, ચીત ચગદોળે ચળીઆ
પછી ધ્યાનથી ઓળખે, સગુણરૂપ પરખીયા.

*ભગવાનજી વાણી શુણી મુંની વિચારે મે પઈ વનેતા કં હી રખે બ્રંમ નહી બ્રંમ કી જગજા રૂષી મુનીય જા વખાણ નજ કરે અતરે ચુપ થઈ વયી રેતા ને ફરી પરીક્ષા કેલા ધ્યાન લગાય ન્યારેયાતા*

*બ્રંમ ઓળખે ગણા અને વંદન કરે જેજેકાર કેયાં.*

**મુનીં કૃષ્ણજી પ્રાર્થના કરીયેતા. રાગ લાવણી**

હે ભગવન હે ભવ ભય ભંજન, ભકત વત્સલ સાવરીંયા
હે જીવ ગાંમી અંતરજાંમી, રમાપતી જગ ઉજીઆરા.
સંત સહાયકે અશુરારી, અશરણ સરણ હે ગીરધારી
માનવરૂપ ધર્યુ ધરણીધર, ધર્મ ધુરંધર ધીર ધારી.
વિસ્વ રચવા પીંદ બનાવ્યો, પંચ ભુતથી વિસતારી
જળ વસ્તુને ચેતન કીધી, કીધી રચનાં કલાકારી.
માનવ દેહ અમુલખ દીધો, લાખ ચોરાસી નીં માંયી
સર્વ જીવનાં રક્ષણ કરવા, આવ્યો અવની નાં માંયી
પરા પાર પરીબ્રંમ પુરણ, વિપ્ર પ્રીય પ્રભુ કરનારા
વેદ ધર્મનું રક્ષણ કરવા, અવની અવતાર ધરનારા

*મુની મળે ભેરા થઈ ભગવાનજી અસ્તુતી કેયાં નંમન કરે વદીતા કહે ભગવન આયી જીવ જગજો ઉધાર કેલા પધાર્યા અયો આયી હીં બ્રમાંદ ઉપાયા અનજો રક્ષણ પોશણ કરીયોતા હી આજી લીલાજ હકળી અય ફરી ભગવાન પ્રતી ચેતા*

**લાવણી**

વેદ નીગંમ જે શ્રુતીઓ સર્વે, આપથી પ્રગઠ થયા છે જે તે
સગુણ નિર્ગુણ પ્રગઠ દીસતા, જપ તપથી યોગી નીરખતા
વિસ્વેશ્વર જે વીપ્રો જગમાં, વેદોનું અધ્યંન કરતાર
તે વ્રીપ્રોનાં રક્ષણ કરવા, આપ અવતરણ કરતારે
મોટા મુનીવર જેજે જગમાં, ધ્યાન તમારા ધરતારે
એજ આપને નીજ રદયમાં, સ્વયં રૂપ નીરખતારે
ચરણ તમારા મંગલકારી, જાન્હંવી જેમા પ્રગઠયારે
એજ ચરણનાં દરશન કરતા, પાપ પ્રલ્ય થાતારે
હે અશુરારી આપ અનંતા, આજ આપનાં દરશનથી
ખટ વીકારો નાસજ પામ્યા, દરશન સાથે સંમરણથી.

**શુક ઉવાચ**

*શુકદેવ બોલેયા હે રાજા સરો રૂષી ગણ ઉપરોક્ત ભગવાનજી વંદનાં દરશન કરે ને રજા ગનીંને રવાના થીએતા તંન ટાળે વાસુદેવજી મુનીએ પ્રતી હથ જોળેને ચેંતા.*

**દોહરા**

કરજોડી શ્રીકૃષ્ણને, રૂષીઓ લાગ્યા પાય રજા લઈ ધરમ રાયની, નીજ આશ્રમમાં જાય.
જાતા જોઈ મુનીયોને, ઉભા વસુદેવ થાય કર જોડી વાણી વેદ, મુનીયો પ્રતી સમજાય

**વાસુદેવજી ચેતા**

*હે મુનીરાજ આંયી અજ પધારી અશાકે દરશન દનાં અજ અસાંજા ભાગ્ય ખુલીવ્યા પુરવજા ભાગ પ્રગઠયા હાણે હે ભગવનો આંયી એળો મારગ મુકે વતાયો જેસેં અસાજો જનમ સુધરે મોક્ષજો મારગ વતાયો તદે ઈ શુણી નારદજી વસુદેવજી પ્રતી ચેતા*

**દોહરા**

હે રૂષીઓ સંસ્યનાં કરજો શુણી વસુદેવનીં વાત, જગપતીને પુત્ર સ્વરૂપે નીરખે છે વસુદેવ આપ
ગંગાતટ વાસી ઘરમાં સંત, પાદરમાં જે તીરથ, એની પરખ કોઈનાં કરે, એની દુર ગવાયે કીરત.
હે મુનીયો જેમ વાદળમાં, રવી છુપાઈ જાય, એમં વિસ્વેશ્વર વસતા, જગથી નાં ઓળખાય.
પંચભુતનીં જેની દેહ નથી જેને પુંન્યકે પાપ, કર્મ ફળ સુખદુઃખનાં જેને એ અનંત રૂપ છે આપ

*વસુદેવજી અને નારદજી જ્ઞાન યુક્ત વાણી શુણીને રૂષી વર્ગ રાજી થીએતો ને શ્રીકૃષ્ણ પુર્ણ બ્રમં જ અયીં જાણીને વસુદેવજી કે પ્રશ્ન કરી ચેતા*

**ચોપાઈ**

હે રાજન પછી રૂષીઓ સવે, તે સભામાં બોલે હળવે
હે રાજન જે કર્મો જીવનાં, જીવને જનમીં ભોગવવાનાં
એનોં મારગ જગ પ્રસિધ છે, યજ્ઞનં કરવો વેદ વિદત છે
સર્વ દેવોનાં અધીપતી જે છે, તે યજ્ઞ્ય વિષ્ણુનો છે
માટે વિષ્ણુ યાગ કરાવો, સર્વ સામગ્રી તૈયાર કરાવો
ત્રીવીધનાં જે દોસ નીવારે, જન્મ સફળ જીવન ઉજારે

*રૂષી મંદળ વસુદેવી પ્રતી ફરી ચેંતા હે રાજન જીવ જગમે જદે દે ધરી અચેતો તદે ભેરા પુરવજા કર્મ ખણી અચેતો અને વર્તમાનમે સારા નરશા કરમે થીયે ઉની કરમે મજા છુટણલા અકળો મારગ અય અને ઈ યજ્ઞન તેમેં પણ ઈ મણીયા ઉતમ વિષ્ણુ યજ્ઞ્નં અય ઈ આયીં કરાયો*

**ફરી ચેંતા. ચોપાઈ**

હે રાજન જે જ્ઞાનીં છે જગમાં, ભોગ ભોગવે રેતા ઘરમા,
સુત વિત ખાંધવ ને નારી, નાસવંત તે નીરખે ચારી
સર્વ સુખને સંપદા છોડી, લોકે શણને કરજોડી
જાઈ જંગલમાં એકલા વસતા, સર્વેશ્વરનું ધ્યાન ધરતા

*ફરી રૂષી બોલ્યા હે રાજન હંન જગતમે જીવકે મુક્તી કેણી વે ત હકળો ઉપાય અય ક યજ્ઞન જ કેણુ હે જુકો જ્ઞાનીં અયી ઈતા જગમ ભોગ ભોગવે ને છેલે ઘરજા મળે સંબંધ છદેને ભગવાનકે ભજેલા વનમે ઈ ધ્યાન લગાય વીએતા.*

**સંમરણ કરીયેતાં. ચોપાઈ**

હે વસુદેવજી જીવ આ જગમાં, ત્રણ રૂણ લઈ આવે અવનીમાં
પુત્ર પીત્રુને વિપ્રોનાં ધનથી, દેવ રૂણો જાય યજ્ઞ્નંથી
બે રૂણ તંમે રાજન ઉતાર્યા, પીત્રુ વીપ્રનાં રૂણ ચુકાવ્યા
હવે દેવોનાં રૂણ તમે ઉતારો, કુરૂ ક્ષેત્રમાં યજ્ઞ કરાવો

હે ભુપ તંમે પુર્વ જનમમાં, કઠોર તપસ્યા કીધી વનંમાં
તે પુન્યોનાં આજ પ્રતાપે, પ્રગઠયા યોગેશ્વર આપે

*રૂષીએ જા આદેસ શુણીને વસુદેવજી તંન પલ યજ્ઞનજી તૈયારી કરાઈતાં*

**દોહરો**

વાત શુણી સર્વ વીપ્રોની, વસુદેવ કીધા નંમન
યજ્ઞ્ય કરવા આપો દીક્ષા, તંમે મુજને ભગવન.

**ચોપાઈ**

સર્વ રૂષીઓ એ આજ્ઞાં દીધી, યજ્ઞ્યનીં તૈયારી કીધી.
દીક્ષા લઈ વસુદેવજી ચાલ્યા, મ્રગચર્મનાં વસ્ત્રો પેર્યા
સર્વ સામગ્રી સાથમાં લીધા, પુરણ યજ્ઞ્ય તૈયારી કીધી.
સર્વ રાણીઓ સાથમાં આવે, યજ્ઞનાં સણગાર સજાવે
યજ્ઞ્ય મંદપમાં સાથે આવી, બેસે આસન શીસ નમાવી
યાદવો સર્વે દીરો ઉમંગમાં, પાંદવો સાથ બેઠા ઉમંગમા
સગાસહોદર સંગમાં આવે, આવી મંદપમાં આસન સોભાવે
શ્રી કૃષ્ણને બલરામ ભાઈ, યજ્ઞ્ય નીરક્ષણ કરતા ત્યાંથી
વેદ પાઠી ત્યાં વીપ્રો આવ્યા, યજ્ઞ્ય કુંદો ચાલુ કરાવ્યા
મંત્રોનાં એ ઉતારો કરતા, સર્વ દેવોનાં પુજન કરતા.

*વસુદેવજી રૂષીએજી આજ્ઞાં ગનીં તૈયાર થીએતાં ને મ્રગચર્મ વાઘા પેર્યા યજ્ઞ્ય મંદપ મે અચીં વીએતા અને રાણીયુ શરણગાર સજે મંદપમે બીરાજમાન થેયુંત્યું યાદવ પાંદવ ઉમંગ મે દશજેતા સગા સંબંધી વર અચી વઠા અને અંન મહા વિષ્ણુ યજ્ઞ્નજી દેખ રેખ શ્રીકૃષ્ણને બલરામજી સંભારીતાં ચાલુ યજ્ઞ થીએતો*

**ચોપાઈ**

શ્રીકૃષ્ણનેં બલરામજી આવ્યા, એ મંદપ માંયે બીરાજ્યા
સર્વ શક્તિ તેનાં છે સંગમાં, આવી બીરાજે છે ઉમંગમાં

**શુકદેવજી પરીક્ષિત પ્રતી ચેંતા**

હે રાજન જે સર્વ સુખ દાતા, ક્ષર અક્ષરમાં વિખ્યાતા
યજ્ઞ્ય યાજ્ઞને મંત્રો સર્વે, વેદ નીગંમ ગાથા જે વર્ણવે
અનંત કોટી બ્રમાંદ જે દીસતા, પાર પરાકે જે વિચરતા
તે સર્વ બ્રંમનાં ઉદરમાંયી, રાજન તેમાં રહ્યા સદાઈ
તે પરબ્રંમનાં સંગમાં આજે, યાદવો સર્વ સાથ બીરાજે
રાજન આ છે બ્રંમનીં લીલા, સંતો જાણે કોઈક વિરલા
તો યાદવો તો ક્યાંથી જાણે, ઈષ્ટ કહિને સર્વ વખાણે
વીષ્ણુ નો એ યજ્ઞ્ય કરે છે, વીપ્રો સર્વ મંત્રો ભણે છે

*જાણી સકે જોને યોગીઓને અગર ભક્ત કીં સંત યાદવ જાણીનાં શક્યા. કે આ પોતે છે ભગવંત. શ્રીકૃષ્ણ શુકેવજી બોલયા હે પરીક્ષિત વસુદેવજી જેજો યજ્ઞ્ય કરાઈયેતાં ઈ જ વિષ્ણુ તાં પંઢજો કુમાર કૃષ્ણ જ અય ઈ યાદવ કીં સમજે ઈતા ઈષ્ટ જ સમજેતાં ઈ સજો આલમ જે ઉપાય અય ઈજ બ્રંમ કૃષ્ણ રૂપમે અયે હકળા રૂષી મુંની બ્યા કોક વિરલા સંત જ ઓળખેતા ને યજ્ઞ ચાલુ કેયાં*

## ચોપાઈ

વસુદેવ મંદપમાં આવ્યા, વિપ્રો એ સંકલ્પ કરાવ્યા
જ્યોતીષ્ટોમ ને દર્શની સાથે, પુર્ણ માસ પ્રાકૃત સંગાતે
સૌર સ્ત્રાદી વૈક્રત જે યજ્ઞોં, અગ્નીં હોત્ર અન્યાન્ય યજ્ઞો
દ્રવ્ય ક્રીડાને મંત્રોનાં સાથે, પુજન કીધા વિષ્ણુના તે
અઢળક અંન ધન દાન એ આપે, ગૌધન ગજ ધન ભુમી સંગાતે
બારે દાન ભુપતીએ આપ્યાં, સર્વત્ર મંગળ યસ છવાયા
વસુદેવ નીજ પત્નીં સાથે, યજ્ઞ્ય પુરણ કરાવ્યું હાથે
સર્વ મુનીઓ સંગમાં હાલ્યા, રામ કુંદમાં સ્નાન કરાવ્યા
ત્યાં પણ સુવર્ણ અલંકારો સાથે, દાન દીધા રાંજન નીજ હાથે
સર્વ જીવોનેં સાથ જમાળ્યા, અઢળક દાન ક્ષેત્રમાં આપ્યા

*યજ્ઞન પુર્ણ થેયો અતરે મળે રામકુંદમે સ્નાન કરેલા વનેતા ઉત પણ અઢળક દાન દયી પાછા અંનક્ષેત્રમે વસુદેવજી આયા અતરે સજે દેશજા ભુપતી અચી ભેટૈતા મુનીયે કે ભુપ નમન કરીયેતા નંઢા વદા મળે પદપ્રમાણે મલેતા અજ અંન અવસરજો વર્ણન કેણુ ઈ સંની ગાલ નાંય જીવા વસુદેવજી મણી ભુપ સંબંધીએકે ભેટ સોગાદુ દીએતા.*

## ચોપાઈ

સર્વ દેશોનાં ભુપતીઓને, આપી ભેટો નીજ વસુદેવને
રૂષીઓ મુનીઓ દેવ ગણ સાથે, ભુતપ્રેત પીત્રુ માનવ તે
સર્વ જન ગણ સંગમાં આવે, વસુદેવને શિર નંમાવે
સૌનાં ભાવે સનંમાનં કીધા, મળી પરસપર નીજ ઘર સીધ્યા

## ઉગ્રશેન ભેરા યાદવને કૃષ્ણ મલેતા

શ્રીકૃષ્ણને બલરામજી સાથે, ઉગ્રશેન યાદવ સૌ સંગાથે
સર્વ વસુદેવ પાસમાં આવી, સર્વ ઉભા શીસ નંમાવી.
ગોપ ગોપી સૌ ત્યાં આવ્યા, કરી દરશન આનંદ પામ્યા
સહ કુટુંબ શ્રીકૃષ્ણનું નીરખી, જય જય બોલે સર્વ હરખી.

*શુકદેવજી બોલ્યા હે પરીક્ષિત અજ અંન યજ્ઞજી પુર્ણાહુતી પુવા સજે દેશજા રાજા વસુદેવજીકે નમન કરીતા વસુદેવ ભેટુ દઈ ભાવ સે મલેતાં ને ઉ પંઢજે દેશ રવાના થીએતા તે પુઠીયા જીક વ્રજથી નંદજીને ગોપ આયાવા ઈ મળે વસુદેવજી કે ભાવસે નમન કરીતાં વસુદેવ બાથુ*

*મે ગની ભેટેતા ને ઈ ગોપે પ્રતી ચેતાં નંદજી કે યાધી દીયેતો*

**ચોપાઈ**

હે નંદજી આ જગનો જે કર્તા, જગ ઉપજાયો બંધન કર્તા
તે બંધન છે માયા પાસનાં, જીવ બંધાયા એની જાળમાં
જેમાં યોગીને મુનીયો મોયા, સારા જગનાં જીવો ભુલ્યા
અભીમાન માં હુ પણ ભુલ્યો, રાજ વૈભવમાં ઈ ફુલ્યો
ભાઈ તંમે ઉપકારો જે કીધા, મીંત્ર ભાવ નીભાવી દીધા
એંનો બદલો હું ચુકવવા, વીલંમ કીધો તમને મળવા.
પ્રથંમ જેલમાં જીવન વીતાવ્યું, રૂણ તમારૂ નાં ઉતારયું
આજ આવીને આપજ મળેયા, ફરી મુજ પર રૂણ ચળાવ્યા.
ઉપકારો તંમે અઢળક કીધા, નામ કુળને ઉજ્વળ કીધા
એમ કહી વસુદેવજી આવી, ભેટે નંદને રદય લગાવી.

**દોહરો**

અતી ભાવથી ભેટીઆ, નંદ વસુદેવરાય હર્ષનાં આશું નયનંમાં, દળદળ બેઉનેં જાય

*ઘણે વરેથી અજ નંદરાજાને વસુદેવજી મલેતા તદે અતરે ભાવ વિભોર થઈ વનેંતા ક હકળે બેકે છાતીતે લગાયને મુક બોય થઈ વનેતાં સબ્ધ બોલી શકે નતાં અખીયેમે પાણી અચી વનેતા છેવટ વસુદેવજી નંદજી પ્રતી પંઢજી ભુલ થઈ વયી કદે નંદરાજાકે યાદ નં કેયાં તેજી માફી મંગીં મલીને છુટા થીએતા*

**દોહરા**

ત્રણ માસ ત્યાં રહ્યા, યાદવો ગોપનીં સાથ પછી ઘર જાવા કીધી તૈયારી, રથ જોળ્યા સાથ.
ગ્રીસ્મ ગયો અવની પરે, આવી વર્ષા રાજ નભમાં વાદળો દોળતા, વરસવા ને કાજ.
મંદપવન લહેરાવતા, અવની અતી હુલાસ જળ જીવો ઉમંગમાં, દીસતા સર્વાવાસ.
શ્રીકૃષ્ણ બલરામજી, સર્વ સહોદર સાથ જાવા દ્વારીકા નગરમાં, જાયે સર્વ સંગાથ.
અધ્યાય આ પુરણ કર્યો શ્રીશુકદેવ મહારાજ વાંચે વિચારે જે જાડેજા સહાય સદા વ્રજરાજ

**ઈતિ અધ્યાય ૮૪**

## અધ્યાય ૮૫

### શુ.ઉવાચ. દોહરા

હે રાજન અજ અવનીપતી બેઠા મહેલનીં માંય, મળવા નીજ માત તાતને હરી વિચારે મન માંય
ઉઠયા ત્યાંથી ઉતાવળા, સાથે બલરામ ભાઈ, આવ્યા માતા ભુવનંમાં, જ્યા બેઠા દેવકી માંયીં
કર જોડી કીધી વંદનાં, ઉભા શીસ નંમાય, ઉભા કર્યા વસુદેવજી, શીર પર હાથ લગાય.

*કુરૂક્ષેત્રજી યાત્રા કરે યાદવે ભેરા ભગવાન પાછા ઈ દ્વારીકા અચીવ્યા હકળે દીં ઈ બોય ભા ભેરા મલી માતા પીતા જે મેલતે વંદંન કેલા અચેતા વંદન કેયા બોય ભા તદે વસુદેવજી આસીસ*

*દયી વટ વેરાય ને સામે વેરાય કુરૂક્ષેત્રજી ગાલ યાધ કરીયેતા*

**દોહરા**

જે યોગેશ્વર જગ કરતા, જગ કારણ જગભુપ, આજ આવ્યા અવનીમાં, ધરી માનવ રૂપ. કુરૂક્ષેત્રનાં જેદી તીર્થમાં જે મુખથી મુનિ વદેલ, કે આપ અનંતા ઈશ છો, જે મુજ કર્ણે સાંભળેલ પુરૂષ-પ્રકૃતી ભોગ્ય-ભોક્તા અવિનાસી-અવિકાર, તે ઈંદ્રીયાતીત તે આપ છો અણુ-અણુ અણસાર આતંમ રૂપથી ઈશ્વરા, વસતા વસવા વીસ, જળ ચેતનમાં ઈ દીસતાં, જગમાંયી જે જગદીસ.

*વસુદેવજી કૃષ્ણ પ્રતી ચેંતા ક હે પુત્ર જદે કુરૂક્ષેત્રજી યાત્રા કયી તદે ઉત સજે દેશ જા ભુપ આયાવા અને સારો સાધુ સમાજ આંકે નારાયણ બ્રંમ કરે સંબોધીવા ને નમન કેયાતે ઈ પ્રસંગ જીં નજરે દઠો તદે આઉ ઈ નકી કયો ક હી પુત્ર કૃષ્ણ હંન પ્રદવીજો ભાર ઉતારેલા અને ધર્મ થાપેલા નારાયણ પંઢ અવતરેયા અયી તદે જ આઉ મુંજા ધન ભાગ લેખીયાતો ફરી વસુદેવજી શ્રીકૃષ્ણ પ્રતી બ્રમ ભાવસે ચેંતા.*

**દોહરા**

શસી સીતળતા પ્રભા રવીંની, તેજ પુંજ પ્રકાસ, ગગનમાં દીસતા તારલા, સાઘર જળ ચોપાસ ધરણી ધીરતા સ્થીર પર્વત દીસ તુજે આકાસ, જલમાં થલમાં જે રજ નભમાં ચેતન સર્વ આભાસ સબ્દ સ્પર્સ રૂપ ગુણ ગંધ જે વાણી નાદ ૐકાર, વર્ણ વૈખરી પરા પસ્યંતી, મદ્યમાં અક્ષર આચાર તામસ તેજસ અહંકારને બુધી બળ શક્તિ જેહ, મહાબલી માયા બંધન, આપ ઉપાયા તેહ પીંદ ઉપાયા પંચ ભુતનાં, સબ્દ સંમરણ સાથ, તે પીંદોનાં આપ અધીસ્ટા, પુર્ણ પ્રકાસ સાથ પાલક પોષક પ્રલ્ય કાળ જે, ત્રણ ગુણવિસ્તાર, જનમ મરણ માયા સ્થીતી, નીરલેપ નીરાકાર. આ અવની જે પુર્ણ પ્રકાસે, સોભા અપરમપાર, સર્વ જીવ માયાનાં બંધન, આવા ગમન વ ણ ઝ ા ર .

*હે વત્સ હંન પ્રથ્વીતે જીકો દ્રસ્ય વસતુ દશાજેતી રવી શસી પ્રકાસ પાણી વાયુ ડુંગર હી ચેતન શક્તી સબ્દ પંજ ગુણ ઈ આંયી પ્રગઠ ઉપાયા અયાંને આયીજ સંચાલન કરેયોતા છતા આયી અનીંથી અલિપ્ત બારા અંદર વસોતા.*

**વસુદેવજી કૃષ્ણ પ્રતી ચેતાં**

પુર્વ જનમનાં પુન્યો પ્રતાપે, મળ્યા મનુષ અવતાર
માયા વસ આ આયું ખોઈ, ઓળખ્યાનાં કીરતાર.
કારા ગ્રહમાં આપ પ્રગઠયા, શ્રીનારાયણ તાત
યાદી આપી જે જુગ જુંની, હુ ભુલી ગયો તે વાત.
હવે અશરણ સરણ સંત સુખારી, શરણે આવ્યો તમારે
જનમ મરણનાં બંધન છુટ્યા, જેદી ઘર પધાર્યા અમારે

**શુક ઉવાચ. દોહરો**

*વસુદેવની વાતનેં, સાંભળી શ્રીયદુનાથ મુખ મલકાવી બોલીઆ, સર્વેશ્વર શ્રી સાક્ષાત.*

વસુદેવ પ્રતી શ્રીકૃષ્ણ કહે છે. રાગ નરશી મેતો ભક્ત.

હે પીતાજી તમે જે મુખ બોલ્યા, અતંર પટ મારા ખોલ્યા
બ્રમ જ્ઞાંન જે ઉપદેશ આજ દીધું, જનમ અમારૂ સફળ થયુ
હે પીતાજી તંમે બલરામ ભાઈ, યાદવ સર્વ દેવકી માંયી
જીવ ચરાચર જગનાં જે છે, સર્વ બ્રંમ મય રૂપ તેછે
આતંમ તત્વ એ પરમ પીતાજી, અનંત રૂપ થયો દેહ સાથ
સ્વયં પ્રકાસીત જીવ નાં જાણે, ઉચીત જાણી દેહ સુખ માણે
નિર્ગુણ છે છતા સગુણ રૂપે, નીત્ય છે છતા અનીત્ય સ્વરૂપે
પંચ ભુત અગ્નીં જળ વાયું, ભુમંદળ સર્વત્ર છવાયું
કાર્ય કારણથી જુદા દીસતા, અંતે એક રસ સર્વ વસતા
હે પીતાજી અંમે પુત્ર તમારા, યુગે યુગે અવતાર ધરનારા
તમે કરી તપસ્યા જઈ વનમાં, વર માગીને લીધા બંધનમાં
આજ રૂણ તમારા ચુકવી દીધા, વર માગેલ પુરણ કીધા

**દોહરો**

સાંભળી વાત શ્રીકૃષ્ણનીં, વસુદેવ હર્ષીત થાય
મૌંન રહિ વંદન કરે, હર્ષનાં આંસું વહાય.

*શ્રીકૃષ્ણ અને બલરામજી સાથે વસુદેવજી વાર્તાલાપ કરે છે ત્યાં માતા દેવકીજી આવે છે અને કૃષ્ણ પ્રતી કહે છે.*

**રાગ વિસ્વંભરી**

શ્રીકૃષ્ણનેં સુખરૂપ, બલરામ ભાઈ, સર્વેશ્વરા સર્વ જગે, વસતા સદા ઈ.
મન વાણીથી પર પ્રભુ છો આપ  દેવા અવતાર લઈ અંમ ઘર, આવ્યા અભેવા.
સર્વશ્વરા સર્વ જગતનાં છો હીતકારી, જનમ ધર્યો અવનીમાં આપે ખરારી
આવ્યા તંમે અશુરોને હરી ડંડ દેવા.
માયા ઉપાઈ અવનીમાં મહા બલકારી, સર્વ જગે જગતમાં રહિ છે છવાઈ
તે માયા થી અંમ ભુલ્યા નાં જાણ્યા દેવા. અવ...
ગુરૂકુળમાં ભણવાનેં તંમે ગ્યાતા જેદી,  દીધી દક્ષીણા વર દીધા વળતારે તેદી
એનાં પુત્રને સજીવન કરી આપ્યો દેવા. અવ...

**દેવકીજી વર માંગે છે**

હે હે હરી હવે મારી આ છેલી આશા પુરણ કરો પ્રભુ હવે કરો નાં નીરાસા.
ખટ પુત્રો જે પ્રભુ મારા જે કંસે માર્યા. અવ...
વર માગુ એ સજીવન કરી હરી લાવો તેને મુખ જોવાનેં મન મારૂ તલપે છે એને
વર માગુ એ તંમ પાસે પ્રભુ આપો એવા અવતાર લઈ.

*માતા દેવકીજી શ્રીકૃષ્ણ પાસે એ વરદાન માગે છે કે હે હરી તંમે ગુરૂનાં પુત્રનેં સજીવન કરીને લાવ્યા અને તેંને સોપેલ તેમ મારા જે પુત્રો કંશે માર્યા માર્યા છે તેને સજીવન કરી લાવો એના મુખ*

*જોવાની મારી ઈછા છે એ હુ માગુ છું.*

**દોહરા**

વાત સાંભળી દેવકી માતની, શ્રી હરી થયા તૈયાર
જાવા સુતલ લોક, બલભદ્રને કીરતાર.
યોગ માયા છે સાથમાં, આવ્યા બલીનાં દ્વાર
ખબર પળી બલી રાયને, આવે સતવર બહાર.

*નીજ માતજી વાણી શુણી કૃષ્ણ તૈયાર થીએતા અને સુતલ લોક વનેતા ભેરા બલરામને માયા આયી ન બલી જે દ્વાર અચેતા બલીરાજાકે ખબર પેતી અતરે સામે ધોળી અચેતો દંડવત કરીયેતા.*

**ચોપાઈ**

સામે યોગેશ્વરનીં આવ્યા, બલી આવીને શીસ નમાંવ્યા
દંડવત કરીને પુજન કીધા, ચરણ ધોઈ આચમન લીધા
નીજ ભુવન તેળી આવે, સહ પરીવાર પુજન કરાવે
અતી સુશોભીત આસન દીધા, થાળ પ્રસાદ અર્પણ કીધા

**બલીરાજા અસ્તુતી કરે છે. રાગ : યશોમતિ મૈયા**

જય સચીદાનંદ જય જગ સ્વામી, જય બલરામ જય નમાંમી
આપ અનંતા શેસ અવતારા, પુરણ બ્રંમ જગ ઉજીઆરા. જય જય...
હે ભગવન હે ભક્ત હીતકારી, દરશન દુર્લભ તમારા મોરારી
કીધી કૃપા આજ અંમ ઘર પધાર્યા, ધન ધન ભાગ્ય કારજ સુધાર્યા
રજ તંમ ગુણી અંમ સૌ દાનંવ, આપની સાથે વેરજ બાંધ્યા
કરૂણા રે સાગર ક્ષમા સૌને કીધી, સાયુજ મુક્તિ સર્વને દીધી
માયા તમારી મહા બલકારી, યોગીરે મોયા જેમા અધીકારી
અધંમ ગતી અંમે સૌ મોયાં, મદમાં રે આવી જીવન ખોયા.
હવે અશુરારી શરણમાં રાખો, દાસ તમારા ને આજ્ઞારે આપો
આજ અમારા ઘરનેં ઉજારયા, સેવા શું કરીયે દરશાવો દેવા જય સચીદાનંદ...

*બલીરાજા ભગવાન જો પુંજન કરેને અસ્તુતી કરે આજ્ઞા ઈ મંગેતો આજી કુરો સેવા કરીયા તદે કૃષ્ણ બલીપ્રતી ચેતા.*

દૈ ઈત્ય પુત્ર પ્રલાદ હે, સાંભળો મારી વાત
સ્વયંભુ મનવંતરમાં, જનમ્યા જગ વિખ્યાત.
પ્રજાપતી મરીચી રૂષિ પત્ની ઉર્ણીથી જેહ
ખટપુત્રો જે જનમીયા, જગવીખ્યાત છે તેહ.

*શ્રીશુકદેવજી વાણી વેદાંત હે પરીક્ષિત શ્રીકૃષ્ણને બલરામજી કે પધાર્યા ઈ દશી બલીરાજા દંડવત કે તદે ભગવાન બલીકે ચેંતા ક હે બલી સ્વયંભુ મનવંતરમે મરીચી રૂષીજા કુમાર હકળો*

*વખત બ્રંમ દેસમેં વનેતાં અને ઉત બ્રંમાજી કે દશી ખલેતા ઈ દશી બ્રંમાજી શ્રાપ દઈ દનાં ક વનોં આંજો અશુરજે ઘર જનમ થીંધો.*

*અંન શ્રાપ સે કરે ઈ રૂષી કુમાર દીતી જે ઉદરમે વારા ફરધી અચેતા તે ઉંન ગર્ભ જાંથી જોગમાયા ખણી દેવકીજી ગર્ભમેં સ્થાપિત કરીયાંતા અને ઈજ બાળકે જો કંસજે હથા નાસ થીએતો અને ઉની જ કુમાર કે ગનેલા આઉ આયો અયાં અતરે ઈ મળે બાળક મુકે પાછા સોપે દેયો.*

**શ્રીકૃષ્ણ ઉવાચ. ચોપાઈ**

ખટ પુત્રો જે મરીચી રૂષીનાં, દરશન કરવા ગયા બ્રંમાનાં
બ્રંમ લોકમાં આવ્યા જ્યારે, અજને ઉદ્યત જોયા ત્યારે
સર્વ બાળકો હસવા લાગ્યા, વિરંચીએ શ્રાપ જ આપ્યા.
અશુરને ઘર જનમ લેજો, યોગ માયાને શરણે રેજો.

**બાળક અશુર જે ઘર જનમેતાં**

હિરણ્ય કશીપુ નાં ઘર જાઈ, જનમ લીધા દીતીને ત્યાં ઈ
હે બલી તે જોગ માયા એ, હરણ કરતી ગર્ભનું ત્યાં તે
દેવકીજીનાં ઉદર માંથી સર્વે, જનમ લેતા રૂષીઓ સર્વે
કંશ જાઈને એનાં વધ કીધા, સર્વ બાળનાં પ્રાણજ લીધા.
તેજ બાળકને લેવા ને કાજે, આવ્યો છુ હું દ્વારે આજે
માટે બલી તંમે વીલંમ કરોનાં, બાળ સોંપી દયો રૂષીનાં

**દોહરો**

નમન કરી શ્રી કૃષ્ણને બલી લાગ્યા પાય, બાળક સોપ્યાં સાથમાં હરી તેડી દ્વારીકા આય.

*બલી પાસેથી સર્વ બાળકો તેડીને શ્રીકૃષ્ણ દ્વારીકામાં આવે છે પછી દેવકીજી માતને સંપ્રત કરે છે બંને ભાઈ નંમન કરે છે તે જોઈ માતાજી સર્વપુત્રોને અતી હર્ષિત થાય છે*

**રાગ. શીવાજીને નીંદરૂ. નાથ**

આજ યોગેશ્વર સતવર આવે, આવી વીધીનાં લેખ મીટાવે
છોયે બંધુને સાથમાં લીધા, આવી માતાનેં સંપ્રત કીધા. આ યોગેશ્વર...
સર્વે બાળક તેડીનેં સંગમાં, આવ્યા દ્વારીકા માંય
રાજ ભુંવનમાં આવીને ઉભા, માતાજી બેઠા છે ત્યાંય
આવીને વંદનં કીધા, સર્વ બાળકો સોંપી દીધા. આજ...

**સર્વ બાળક માતાને નંમન કરે છે**

સર્વ આવીનેં શીસ નમાવે, માત ચરણમાં જાઈ
દેવકી માતાએ ઉરમાં લીધા, નયંન નીર ભરાય
માતાજી મુખ સામે નીહાળે, સર્વ પુત્રોને સામે ભાળે. આ...
પુત્ર દેખીનેં પાનાં રે ચળીઆ, રદય પ્રફુલિત થાય

અંમ્રત જેવી દુધનીં ધારા, પાન કરાવ્યા માંય
તેડીને રદય લગાવ્યા, હર્ષ નયંન ભર છલકાયા. આ...
શ્રાપ મુક્તિ થયા કુમારોને, લાગ્યા શ્રી હરીને પાય
સર્વની સામે ઉતરી આવે, દેવ વિમાનં ત્યાંય
સહ દેહે સાથમાં બેઠા, અંમર લોક સૌ જાતા દીઠા. આજ યોગેશ્વર...

*દેવકી માતાજી અતી પ્રશન્ન થઈ બાળકેં કે રદય લગાઈતા અખીએ આંસુએ જી હેલી અચેતી રદય લગાયા બાળકે પણ માતા કે નમન કેયાં અને ઉત ઈ દેવ વીમાન ઉતરે તે તેમે વઈ સહદેહ સવર્ગમે ઈ નજરકે સામે વેધારેયા ઈ મરીચી રૂષીજા છોકરે જા નાલા હંન પ્રમાણે વા સ્મંર, ઉદ્‌ગીથ, પરીસ્વગ, પતંણ, શુદ્રભુત, ધ્રણી હી છોયે દેવકીજી જે ગર્ભ સે આયાવા જોગમાયાજી લીલાસે ને ઈ છોયે દેવ હુવા.*

### શુકદેવજી વદીતા

બ્રમ જ્ઞાંન નીં વારતા, સંભળાવી શુકદેવ, શ્રવણ મનંન મનથી કરે, પાંમે પરીબ્રંમ તે હ.
અભીમાની અધમ જીવ, અણ અધીકારી જે હ, કુપાત્ર નેં જે મંદ મતી, રહસ્ય નાં સંમજે તેહ.
પરમ પુનિત આ જે કથા, ગાથા ગોવિંદ ગાંન, વાંચે વિચારે દાસ કહે, રદય સદા ભગવાન
વર્ણંન વેદ વીખીયાતઆ, સમજાવ્યું શુકદેવ, નીગંમ જેનેં જાણતા, અસ્તવે મુખ તેહ.
મંદ બુધી અજ્ઞાન હુ, લખી ગાથા અભંગ, સાસ્ત્ર ભેદ સંમજુનાં, નથી કીધો સતસંગ
પુનીં પ્રગઠ આ પદ બંધ, એ ઔલિકીક અણસાર, કથની આ કલમે કરી, ના સબ્ધનાં અલંકાર.
ગાથા આ ગોવિંદ ની, જે વસુદેવને જ્ઞાંન મ્રત, બાળક સોપ્યા માતને, કહે જાડેજા ભગવાન.

### ઈતિ અધ્યાય ૮૫

## અધ્યાય ૮૬ : સુભદ્રા હરણ.

### દોહરા

પ્રશ્ન પરીક્ષિત પુછવે, દોય કર જોડી સાથ, સંભળાવો શુભ કથા, વિસતારી ને નાંથ.
શ્રી કૃષ્ણ ને બલરામનાં, બહેન સુભદ્રા નામ , અરજુંન સાથ વળાવીઆ, તે કથા કહો ભગવાન

*પરીક્ષિત પ્રશ્ન પુછેતા હે ભગવાન શ્રીકૃષ્ણજી બેન દ્રૌપદીજી જો સંબંધ કંન રીતે થેયો ઈ સજી કથા વસતારસે સમજાયો.*

### શુક ઉવાચ. ચોપાઈ

શુકદેવજી પછી કથા ઉચારે, પરીક્ષિતનેં કહી વીસતારે
એક દીવસ અર્જુન હે રાજન, યાત્રા કરવા જાયે સંગમ.
પ્રભાત ક્ષેત્રમાં એ આવ્યા, શુભ સમાચાર એ જાણ્યા.
સુભદ્રાજી નાં સંબધ કરે છે, બલરાંમજીએ નકી કર્યા છે
હસ્તીનાં પુર માં એ જાયે, દુર્યોધન નાં સાથે કરાવે
વસુદેવ દેવકીજીને જરી આ, વાત પસંદ નથી જરીયા.

*મુની સમજાઈ ચેતા ક હે રાજન હકળે દી અરજુંન યાત્રા કરેલા વનેતા ઈ પ્રભાસક્ષેત્ર મે અચેતા તદે સમાચાર મલેયાક સુભદ્રાજી જો સંબંધ બલરામજી હસ્તીનાપુર વનેવારા અયી અને ઈ સંબંધ વસુદેવ દેવકી કે પસંદ નહી અતરે અરજુન સીધા ત્યાંથી દ્વારીકા અચેતા.*

**ચોપાઈ**

અર્જુને આ જાણ્યુ જ્યારે, દ્વારીકામાં આવ્યા ત્યારે
દંદધારી રૂપ ત્યાં લીધું, ભગવો અચંળો ત્રીપુંદ કીધુ.
તુરત દ્વારીકામાં આવે, વળલા નીચે આસન જમાવે
દ્વારીકા વાસીનેં બલરામ ભાઈ, નીત આવે સતસંગ માયી
ઘણા દીવસ એમ જાય વીતી, બલરામજીએ કીધી અતીથી
નીજ ઘર એનેં તેડી આવે, સંત આવીને આસન જમાવે
મન ગમંતા ભોજન બનાવ્યા, પાન બેળા સાથ રખાવ્યા.
સાધુ સંગ હીંદોળે બેઠા છે. સખીઓ સાથ દ્રૌપદી જાવે છે

*અરજુંન સાધુનો સ્વાંગ સજી દ્વારીકામાં આવે છે પાદરમાં આસન લગાઈને ધુણો જલાવે તો નગરજન ભેરા બલરામજી નીત અચેતા હકળો દી બલરામજી અની સાધુકે ઘરે જમાળેલા કોઠે અચેતા અત અરજુન ને સુભદ્રાજી મેળાપ થીએતો.*

**દોહરા**

ભોજન કરાવી મહેલમાં, બેઠા બલરાંમ પાસ, ત્યાં જોયા સુભદ્રાજીને, ફરતાં સખી સંગા.
રૂપ ગુણ જોઈ ચાતુરી, મહાબાહુ મોહિત થાય, પછી પરણવા ભારતે, નકી કર્યુ મન માંય.

*સામે હુદા સુભદ્રાજી અરજુનકે દશી મોહીત થીએતા અતરે સામે નેરે રેયા અંયી*

શ્રીસુભદ્રાજી સતી, બેઠા નીજ મહેલ માંય, સામે જોતા પાર્થને, ચીત ચલિત એ થાય.

**સુભદ્રાજી અરજુંનજી પરીક્ષા કરીયેતાં**

સ્વાંગ સજ્યો ભલે સાધુનો, નકી કાંઈ છે રાજન
ચીત ચાહે કેમ પરણયા, સુભદ્રા વિચારે મન

**ચોપાઈ**

સુભદ્રાજી પછી મહેલે આવે, નીજ સખીને પાસ બોલાવે
કરી ઈશારત સાધુ બતાવે, લેવા પરીક્ષાને સમજાવે

**સુભદ્રાજી સખીકે સમજાય ચેંતા**

હે સખી તું એકલી જાઈ, ખબર પુછી લે તેની ત્યાં ઈ
કોણ પુરૂષ છે કેમ વેસ લીધો, શા કારણ ઘર ત્યાગ કીધા

*સુભદ્રાજી આજ્ઞા શુણીને ઈ સખી અર્જુન વટ અચી વીવેક સે નમન કરે સંદેસ સુણાયતી અર્જુન દાસીકે પંઢજી ઓળખ દનાં દાસી મળે વગત સુભદ્રાકે સમજાય. શુણી સુભદ્રાજી રાજી થીએતા સુભદ્રાજી દેવકી માતાજીકે ચેતા અને વસુદેવજી અર્જુન કે પંઢ વટ કોઠીતા ઈ કથા સુકદેવજી ચેતા*

## ચોપાઈ

હે રાજન પછી અર્જુન આવે, વસુદેવનેં શીસ નંમાવે
માત દેવકીજીનીં આજ્ઞા લીધી, શ્રીકૃષ્ણનીં સંમતી લીધી.
પછી કુંવરી નીજ રથ જોળાવે, કુળ દેવીનાં મંદિર આવે
દુર્ગ બારે રથ લઈ આવ્યા, હરણ કરીને અર્જુન ચાલ્યા
બલરાંમે આ જાણ્યું જ્યારે, કોપ કરીને ધનુષ ઉપાળે
શ્રી કૃષ્ણ આવી સમજાવ્યા, કર જાલી ઘર તેળી લાવ્યા.
પછી સુભદ્રાજીનેં પરણાવે, અઢળક કન્યા દાન આપે
પરણીને અર્જુન સીધાવ્યા, ઈંદ્ર પ્રસ્ત પુરીમાં આવ્યા.

## દોહરા

ઈંદ્રપ્રસ્ત આજ નગરમાં, દીશે અતી આનંદ
અર્જુન પરણી આવીયા, સૌ પામ્યા પરમાનંદ.

*વસુદેવ અને દેવકીજી સહમતીસે સંબંધ નકી કેયા અને અર્જુન પેલા હરણ કરેતો બલરામજીકે ખબર પયી અતરે કોપ કરે ઉપળેતા તે કે કૃષ્ણ અથ ઈતી સમજાય ને થધા કેયા ને પુવા વીધસર લગ્ન કરેને જભર કન્યાદાન દઈ વોરાયા સુભદ્રાજીકે અર્જુન ઈંદ્રપ્રસ્ત અચેતા અત ઉત્સવ મળે મનાએતા. હદા શ્રીકૃષ્ણ અજ શ્રુતદેવ ભ્રામણ અને બહુલાશ્વ રાજાજે ઘરે પધારીતા ઈ કથા. ચેતા શુકદેવજી*

## ચોપાઈ

હે રાજન આજ શ્રી હરી ચાલ્યા, નીજ ભક્તો નેં મળવા હાલ્યા
મીથીલા એ પુરમાં જાયે, રથ પોતાનો તૈયાર કરાવે.
રૂષી મુનીઓ સાથમાં લીધા, તુરત ત્યાંથી પરીયાણ કીધા
અસીત આરૂણી કષ્ણને અત્રી, વ્યાસ મૈત્રીય બ્રહસ્પતી.
વાંમદેવ નારદજી સાથે, પરશુરાંમ ચયંન સંગાતે
વૃધ વિપ્રોંને સાથમાં લીધા, તુરત ત્યાંથી પરીયાણ કીધા
જે જે નગરનાં પાદર આવે, નગર વાસીઓ આવી વધાવે
ચરણ પખારી પુજન કરતા, શ્રી હરીને દંડવત પળતા.

*સર્વરૂષીઓ ભેરા ભગવાન મીથીલા પુરી વનેતા વાટમે અચી ધંલ ગામળેવારા સામ્યા કરે કોઠે વનેતા ને ભગવાન ભેરા રૂષીઆ સનમાન કરે પુજન કરીયેતા છેવટ મીથીલાપુર પુજી અચેતા.*

## શુક ઉવાચ. દોહરા

હે રાજન પછી શ્રી હરી, મીથીલા પુરી જાય, મળવા શ્રુતદેવ વિપ્રને, જે સમરતા હરી સદાય
અંન નગરીના ભુપ જે, બહુલાશ્વર જેનું નામ, નીર્ભીમાની ભક્ત જે, સંમરતો સુંદિર સ્યામ.
મળવા બેઉ ભક્તને, ચાલ્યા શ્રી ઘંનસ્યામ, આવ્યા નગરનાં પાદરે, રૂષીઓ સાથ મહાંન.

## ચોપાઈ

હે રાજન આજ શ્રીહરી ચાલ્યા, નીજ ભક્તોને મળવા ચાલ્યા
મીથીલાપુર નગરીમાં જાય, રથ પોતાનો તૈયાર કરાવે
એકા એક દેશથી આગે જાયે, પુર મીથીલા પાદર આવે
બહુલાશ્વ ને ખબર પળે છે, સામાં દોડી ભુપ આવે
કરી દંડવત નેં પુજન કીધા, ચરણો ધોઈ ચરણોદક લીધા
પછી હરીનીં અસ્તુતી કીધી, ઘર પધારવા વિનંતી કીધી.
શ્રુતદેવ પણ માગ્યુ એહ, ઘર પધારેવા માગે તેહ
બંને એકજ માગણી કરી, બે સ્વરૂપ ધરાયા હરી.

*રાજા બહુલાશ્વ અને શ્રુતદેવ બંને પ્રથમ પોઢા જેયાં ઘર આવવાનું કહે છે અતરે ભગવાન અનીજા ભાવ દર્શીને બ રૂપ ધરી બોયજે ઘરે પધારીયેતા*

શ્રુતદેવ વીપ્ર ત્યાં આવે, હરી ચરણમાં શીસ નંમાવે
ઘર પધારો અંતરજાંમી, ફરી વદ તો દરશન પાંમી

**દોહરો**

ભાવ જાણી વિપ્રનાં, શ્રી હરી કર્યો નીરધાર, બેંઉ ઘર જાવા સાથમાં, નકી કર્યું વિચાર.

**ચોપાઈ**

રાજા મીથીલેશ નીજ ઘર આવે, શ્રીહરીનેં તેળી લાવે
સોનાં સીહાંશન આસન દીધા, સર્વ સંતોના સંનમાન કીધા
કનક કળસ કર ઝારી લાવે, સર્વ રાણીઓ શીસ નંમાવે
છપન ભોગનાં થાળ બનાવ્યા, ભાવથી ભોજન કરાવ્યા.
વીઝંન લઈ કર વાયુ ઢાળે, સર્વ સંતોનાં ચરણ દબાવે
સર્વ વીપ્રોને વંદનાં કીધી, શ્રી હરીનીં અસ્તુતી કીધી.

**બહુલાશ્વ રાજા અસ્તુતી કરીયેતા. રાગ :**

હે અશુરારી આપ અનંતા, સર્વ પ્રકાસીત જગ વિચરતા
હે ભગવન આ ભુતળમાં ઈ, જ્યોત તમારી રહી છે છવાઈ. હે અશુરારી...
વેદો એમ વદતા, તંમે પણ કીધું ભક્તો છે પ્યારા ઉપનામ દીધુ
લક્ષ્મી સહિત બલરામ ભાઈ, તેનાંથી પ્યારા ભક્ત સદા ઈ હે...
સંત સહાયક કૃપાવંત યોગી, અવતાર લીધુ ભક્તીનાં ભોગી
આ અવનીમાં આપ વિચરતા, સંતો ભક્તોનાં રક્ષણ કરતા હે...
આપ અનાદી આદી અનંતા, ઐશ્વર્ય રૂપે સર્વત્ર વસતા
સગુણ સ્વરૂપે પરીબ્રંમ સ્વામી, કીધા ક્રતાર્થ અમને અનામી
જ્ઞાંન નાં રૂપે ગીરીવર માથે, સાન્તીનાં સ્થાપક કૃષ્ણ સ્વરૂપે
દયા કરીને દરશન આપ્યા, આવા ગંમન નાં બંધન કાપ્ય હે અશુરારી...

**દોહરો**

વદંન કરી શ્રી કૃષ્ણને, ભુપતી જોળ્યા હાથ
કુળ અમારૂ ઉધારજો, પરીયા પુર્વા સાથ.

*બહુલાશ્વ રાજા ભગવાનજી પુજા કરે અસ્તુતી કરીને વરદાન મગેં હે ભગવાન અસાંજો નીમી કુળ જો ઉધાર કરીજા ને અસાકે ભવ ભવ ભક્તી દીજા ને ભગવાનં વર દયી રૂષી ભેરા સીધાવી વનેતા.*

**દોહરો**

હે રાજન પછી શ્રી હરી, ધરીનેં બીજો રૂપ
શ્રુત દેવનાં ઘર આવીયા, યોગેશ્વર જગ ભુપ.
શ્રુતદેવનેં ઘર સ્યામ પધાર્યા, વિપ્ર આવીને શીસ નમાંવ્યા
કર જોડીને નમન કરે , ફરી ફરી એ ચરણ પળે છે
કુસ ચટાઈ નાં આસન દીધા, સર્વ રૂષીઓને વંદન કીધા
ફળ ફુલ તુલશી માલા સાથે, પુજન કીધા દંપતી હાથે.
આજ વિપ્ર છે અતી ઉમંગમાં, નાચવા લાગ્યા હરી ચરણમાં
ગીતળા ગાતા સુધ વિસરાયે, મુખ નીરખી પ્રફુલિત થાયે
સુધ બુધ ભુલી હરીનાં ચરણે, વર માગે હરી રાખો શરણે
આજ અમારા ભાગ્ય પ્રગઠયા, આપ આવી ઘર ઉજાર્યા

**ભગવાનની શ્રુતદેવ અસ્તુતી કરે . રાગ ગજલ ભૈરવી**

અનંતા આપ અવીનાસી, અ જન્માં આપ છો દેવા
પધાર્યા અંમ ઘર આજે, શું કરીયે આપની સેવા. અનંતા...
અજ્ઞાની નાં આપનેં જાણે, સપનામાં મોજી એ માણે
જાગ્યા પછી નીજ પસ્તાવે, સર્વ સુખ નીંદ્રમાં ખોયે. અ...
રઘુપતી રચનાં આ કીધી, ચેતનનીં સ્થાપનાં કીધી
ચોરાસી જીવ ઉપાયા, જળ માંય પ્રાણ પુરાયા. અ...
જીવ જે જગતમાં આવી, સંમરતા આપને સ્વામી.
ગયા તે જીતી આ જગમાં, પરીબ્રંમ પુર્ણ પામ્યા. અ...
ભુલ્યા જે જીવ જગ આવી, નીજ મુખ નામનાં લીધુ
રૂલ્યા આ ભવરણમાં ઈ, સંતો મુખ નીજ દરસાયા. અ...
સર્વાત્મા સર્વનાં સ્વામી, માયાથી પર પ્રભુ દીસતા
શરણમાં રાખો સેવકને, યદુકુળ ભુશણરાયા અનંતા આપ...

**દોહરા**

શ્રુતદેવનીં વીનંતી, સાંભળીને શ્રીસ્યામ
વિપ્ર પ્રતી વાણી વદે, યોગેશ્વર ઘંન સ્યામ.

*શ્રીકૃષ્ણ શ્રુતદેવનાં ઘેર આવે છે વિપ્ર હરખાય છે દંડવત નંમન કરે છે સર્વ રૃષીઓ સહિત ઘર તેડી આવે છે પછી સનંમાની કુસનાં આસન આપે છે ચરણ પખારી પુજન કરે છે પછી કૃષ્ણ વીપ્ર પ્રતી કહે છે*

## ચોપાઈ

યોગેશ્વર પછી બોલે વાણી, વિપ્ર પ્રતી શ્રીસારંગ પાણી
હે વિપ્ર આજે મુનીઓ આવ્યા, આપનાં ઘર જે પધાર્યા
ઘર તમારા પાવન કીધા, પુનીત પગલા આવી દીધા
હે ભક્ત આ મુનીઓ જગમાં, માયાથી પર છે નાં બંધનમાં
એ ભક્તો છે મુજને વાલા, જે હુ પદથી છે નીરાલા
વિપ્ર ભક્તો જે જગ માંયી, પુજન કરવા એનાં સદા ઈ.
વેદ સ્વરૂપ વિપ્રો જે છે, મુજનેં પ્રીય અતી તે છે
જે વીપ્રોનાં અપમાનં કરતા, ઘોર નરકમાં ઈ પળતા
કોટી જનમ નરકમાં જાયે, એ દુઃખમાથી કોઈનાં છોળાવે
એ વીપ્રો છે પરમ પુનીંતા, પાવન કરતા જગ પતીતા
પ્રેમ ભાવથી પુજન કરજો, એની વાણી રદય ધરજો
પરીયાનાં પરીયાતરી જાસે, જગમાં યસને મુક્તી મળશે
માટે વીપ્ર વીલંમનાં કરજો, સંતોની આજ્ઞા રદય ધરજો
એમ કહી હરી મુખ મલકાવે, વિપ્રનાં શીર કર ધરાવે.

*ભગવાનનીં વાણી સાંભળી શ્રુતદેવ પ્રસન્ન થાય છે સર્વને નમન કરે છે.*

## દોહરો

વચંન સાંભળી સ્યામનાં, શ્રુતદેવ લાગ્યા પાય, કર જાલી હરી ઉભા કર્યા, કેશવ કંઠ લગાય
સર્વેશ્વર શિર કર ધરી, ખોલ્યા રદયનાં દ્વાર, પામ્યા પરમ પદ જગજીતી, કૃપા કરી કીરતાર.

*શ્રી શ્રુતદેવ ને વર આપી પછી બહુલાશ્વનાં ઘર આવે છે તેની રજા લઈ ત્યાંથી વીદાય થાય છે*

## શુકદેવ ઉવાચ. દોહરા

શુક કહે પરીક્ષિતને, શ્રીકૃષ્ણ મહિમાંય. યોગેશ્વરની આ કથા, નીજ મુખ એ સમજાય.
વાણીને વીલાસમાં, એ સમાય નાં સર્વેસ, અણુ અણુમાં દીસતો, ગોવિંદ શ્રીગોકુલેશ
વિરાટ આજે વિસ્વમાં, અનંત કોટી અવકાસ, સર્વ સમાયા ઉદરમાં, ચૌદ બ્રમાંદ પ્રકાસ
હે રાજન આ કૃષ્ણ કથા, કળવી અતી મુશકેલ, સંસ્ય છોળી હરી ભજો, એ સંત મુખ ઉમરેલ
વેદ નીગંમનીં વાણી જે, સહજ નાં સમજાય, જન હીત કરવા શ્રી હરી, સંત ભક્ત સરજાય.
હે રાજન આ જે કથા, પુર્ણ કરી કર જોડ, જાડેજા મુખ બોલજો, જયજય શ્રી રણછોડ.
હે રાજન પછી રંમાપતી, બહુલાશ્વર ઘર જાય, રજા માગી ઘર જવા, ભુપતી પકળીયા પાય
પુર્ણ પરીબ્રંમને પછી, લળી લળી લાગે પાય, પરમ પદ પ્રભુ આપીને, શ્રીહરી દ્વારીકા જાય

ઈતિ અધ્યાય ૮૬

## અધ્યાય ૮૭ : વેદ અસ્તુતી

### દોહરા

કથા શુણી શ્રીકૃષ્ણનીં, પરીક્ષિત કરે પ્રણામ, પછી નિર્ગુણ બ્રંમની વાર્તા, સમજાવો ભગવાન. હે ભગવન આ બ્રંમ જે, કાર્ય કારણથી દુર. ત્રણ ગુણમાં નીર્લેપ નાં, છતા દીશે ભરપુર શ્રુતીઓ જેનેં અસ્તવે, સગુણરૂપ નીદાન, તે નિર્ગુણ કેમ જાણવા, એ સમજાવો ભગવાન.

*પરીક્ષિત રાજા પ્રશ્ન કરે પુછેતા કે હે મુનીરાજ બ્રંમન બ્રંમ તાં કાર્ય અને કારણથી પર બારા અય મન બુધી શે જાણી સગાજે નતો અને શ્રુતી ઉતાં ગુણ વર્ણન કરીયેત્યું તદે નિર્ગુણ સરૂપજો કંન રીતે પ્રતી પાદંન કરીયેત્યું. તદે સુકચેતા*

### શુક ઉવાચ : ચોપાઈ

